# જેમ્સ હડસન ટેલર



રેવ. એસ. ડી. પરમાર

112
1BGJ2

# જેમ્સ હડસન ટેલર

લેખક :
રેવ. એસ. ડી. પરમાર

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

♦ જેમ્સ હડસન ટેલર

♦ *પ્રકાશક :*
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

♦ *લેખક :*
રેવ. એસ. ડી. પરમાર

♦ બીજી આવૃત્તિ : ઓગસ્ટ, ૨૦૦૦

♦ પ્રત : ૧૦૦૦

♦ કિંમત : રૂ. ૧૫/-

♦ *મુદ્રક :*
જેન્સન કોમ્પ્યુટર્સ,
એ/૪ બેથલેહેમ ફ્લેટ, પટેલવાડી,
ખોખરા મ્યુ. સ્નાનાગાર સામે, મણિનગર (પૂર્વ),
અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૧૬૨૪૪૧

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# અર્પણ



## સ્વ. વડીલ બીજલભાઈ દેવરાજભાઈ
## સ્વ. લક્ષ્મીબહેન વસ્તાભાઈ

સ્વ. વડીલ બીજલભાઈ દેવરાજભાઈ સી.એન.આઈ. ભરૂચ મંડળીના સભ્ય હતાં. ત્યાં તે મંડળીના આજીવન વડીલ તરીકે ચૂંટાયા હતા, તેમ જ સેક્રેટરી અને ખજાનચીનું

કાર્ય પણ કર્યું હતું. તેઓ ઘણાંજ ધાર્મિક અને સ્વભાવે પ્રેમાળ હતાં. તેમણે પોતાનું જીવન પ્રભુના કાર્યને માટે સમર્પિત કર્યું હતું. સુવાર્તા પ્રગટ કરવા ગામેગામ જતા. ડો. લાઈલસાહેબ સાથે મંડળીના બાંધકામમાં તેમ જ દવાખાનામાં ખૂબ જ અસરકારક સેવા આપી હતી. તેમનું મરણ તા. ૧૮-૭-૭૨ના રોજ થયું હતું.

તેમના પત્ની સ્વ. લક્ષ્મીબહેન વસ્તાભાઈએ પતિની મંડળીની સેવામાં પોતાનો ફાળો આપ્યો હતો. તેમના પાંચે બાળકોને નાનપણથી જ પ્રભુના શિક્ષણમાં ઉછેર્યા હતા. તેમની ત્રણ દીકરીઓને P.T.C. કરાવી કુટુંબો વસાવવામાં ઉત્તમ સેવા આપી હતી. તેમનાં દીકરા રસિકલાલ એસ.ટી.માં ડ્રાઈવર તરીકે નોકરી કરી પોતાનું કુટુંબ જીવન આદર્શ રીતે જીવ્યા હતા. લક્ષ્મીબહેનનું મરણ તા. ૩૦-૫-૬૭ના રોજ થયું.

સ્વ. વડીલ બીજલભાઈ દેવરાજભાઈ તથા તેમના પત્ની સ્વ. લક્ષ્મીબહેન વસ્તાભાઈના સ્મરણાર્થે શ્રી બેન્જામીનભાઈ રાઠોડ તરફથી આ પુસ્તકના પ્રકાશન માટે રૂ.૧૦,૦૦૦/- આપવામાં આવ્યા છે.

# પ્રસ્તાવના

ચીન મિશનના મહાન સ્થાપક અને મિશનરી રેવ. જેમ્સ હડસન ટેલરના જીવન ચરિત્રના પુસ્તકની બીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં આનંદ અનુભવું છું.

નાનપણથી હડસન ટેલરને ઈશ્વરની સેવા કરવા માટે અજાયબ ધગશ હતી. તેના પિતા મેથોડિસ્ટ મંડળીના પાળક હતાં. અને મિશનરી કાર્યમાં ઊંડો રસ ધરાવતાં હતા. એક દિવસે પોતાના કાર્યકરો સમક્ષ આ વિશે વાત કરતાં, તેમણે પ્રશ્ન પૂછયો, "ચીન જવા કોણ તૈયાર છે ?" હડસન જે માત્ર પાંચ વર્ષનો હતો તેણે જવાબ આપ્યો, "હું મોટો થઈશ ત્યારે ચીનમાં મિશનરી તરીકે જઈશ." કેવો અજાયબ પડકારયુક્ત જવાબ ! હડસન ટેલર ખૂબ યુવાન વયે ઈશ્વરનો અંગત તારનાર તરીકે સ્વીકાર કરી, ખ્રિસ્તને માટે આત્માઓ જીતવા ચીનના અનેક ગામડાઓમાં મૂશ્કેલીઓ સહન કરતા સુવાર્તા પ્રચાર કરે છે.

અત્યારના પડકારયુક્ત સમયમાં જેમ્સ હડસન ટેલરનું આ પ્રેરણાદાયી જીવનચરિત્ર યુવાનો અને મિશનરી કાર્ય કરનારા સર્વને માટે નવા આદર્શ અને નવા નિર્ણયો લેવા માટે યોગ્ય દિશા પૂરી પાડશે.

આ ખૂબ જ મહત્ત્વના પ્રકાશન માટે મુરબ્બી શ્રી બેન્જામીનભાઈ રાઠોડ (બહેરામપુર) તરફથી તેમના પત્ની સ્વ. સુશીલાબહેન બીજલભાઈના સ્મરણાર્થે રૂ. ૧૦,૦૦૦/-નું ખૂબ ઉદાર દાન પ્રાપ્ત થયું છે તે બદલ શ્રી બેન્જામીનભાઈ રાઠોડ તથા સર્વ સ્નેહીજનોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

જુલાઈ-૨૦૦૦

રેવ. નિકોલસ પરમાર

*સેક્રેટરી*

*ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી*

# આવકાર

ખૂબ પરિશ્રમ ઉઠાવીને રેવ. એસ. ડી. પરમાર સાહેબે સુંદર રીતે તૈયાર કરેલા ચીન મિશનના સ્થાપક અને મહાન મિશનરી રેવ. જેમ્સ હડસન ટેલરના આ જીવનચરિત્રને આવકારતાં કોને આનંદ ન થાય ? અંગ્રેજીમાં આ જીવનકથા પ્રથમ પ્રગટ થઈ ત્યારે તે બે ભાગમાં હતી. The Growth of a soul and The Growth of a work of God. સાચ્ચે જ, આ જીવનકથામાં હડસન ટેલરના વ્યક્તિત્વના વિકાસની સાથે ઈશ્વરના કામમાં થયેલી વૃદ્ધિ અને પ્રગતિનું પણ સુંદર આલેખ જ સાંપડે છે.

ઈશ્વર વ્યક્તિઓમાં અને વ્યક્તિઓ દ્વારા કેવાં મહાન કામો કરે છે, તેનું સચોટ ઉદાહરણ એટલે જેમ્સ હડસનનું જીવનચરિત્ર. બાળપણથી જ હડસન ટેલરને લાગે છે કે તે ઈશ્વરને માટે અલગ કરાયેલો છે. ખૂબ યુવાન વયે તે ઈશ્વરનો પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર કરે છે. અને ઈશ્વરનું તેડું મળતાં જ ચીન જવા નીકળી પડે છે. ખ્રિસ્તને માટે આત્માઓ જીતવાની તેની ધગશ એટલી ભારે છે કે, દિવસ કે રાત, ટાઢ કે તડકો કે વરસાદ જોયા વિના તે હોડીઓમાં ચીનનાં અનેક ગામડાઓમાં જઈને સુવાર્તા પ્રચાર કરે છે. ડોકટર હોવાને નાતે તે માંદાઓની સેવાચાકરી કરવાનું પણ ચાલુ જ રાખે છે. પ્રથમ ત્રણ માસમાં જ તે ૩૦૦૦ નવા કરાર ચીનાઓના હાથમાં મૂકે છે. હડસન પૂરેપૂરી ચીની સંસ્કૃતિ, પહેરવેશ, ભાષા, રહેણીકરણી સ્વીકારે છે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ઈશ્વરને સારુ અલગ કરાયેલો | ૧ |
| ૨. | ચીન જવા માટે તૈયારી | ૫ |
| ૩. | આખરે ચીનમાં | ૧૪ |
| ૪. | આરંભમાં થયેલો અનુભવ | ૧૭ |
| ૫. | સુવાર્તિક મુસાફરીઓ | ૨૦ |
| ૬. | પ્રથમ ફળ | ૨૬ |
| ૭. | સ્વાટોવ | ૩૦ |
| ૮. | એબેન એઝેર | ૩૫ |
| ૯. | ફસલનો આનંદ | ૩૭ |
| ૧૦. | છૂપાં વર્ષો | ૩૯ |
| ૧૧. | મારી સમક્ષતા તારી સાથે આવશે | ૪૬ |
| ૧૨. | તમારી સરહદ લંબાવો | ૪૯ |
| ૧૩. | હુલ્લડ | ૫૨ |
| ૧૪. | કસોટીનો સમય | ૫૫ |
| ૧૫. | યહોવાહ-યિરેહ | ૫૭ |
| ૧૬. | ઈશ્વરનું વિશ્વાસુપણું | ૬૦ |
| ૧૭. | ચીનની મહિલાઓ મધ્યે સેવાકાર્ય | ૬૫ |
| ૧૮. | સો મિશનરીઓ માટે માગણી | ૭૩ |
| ૧૯. | આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો | ૭૫ |
| ૨૦. | દોડ પૂરી કરી | ૭૭ |


□

# ૧ ઈશ્વરને સારુ અલગ કરાયેલો

હડસનનાં માતાપિતા ઘણાં ધાર્મિક હતાં અને તેઓ બાઈબલનાં વચનો પાળવાની ઘણી કાળજી રાખતાં હતાં. આથી હડસનના જન્મ અગાઉ તેઓએ એક દિવસે નીચેના વચન પર ગંભીરતાથી વિચાર કર્યો.

"સર્વ પ્રથમ જન્મેલાંઓને મારે માટે પવિત્ર કરવા; તેઓ મારા છે" (નિર્ગ. ૧૩:૨). કેમ કે સર્વ પ્રથમ જન્મેલાં મારાં જ છે (ગણ. ૩:૧૩).

તે પછી તેઓ બંને જણ ઘૂંટણે પડયાં અને પોતાના પ્રથમ જનિતનું અર્પણ ઈશ્વરને કરવાની પ્રતિજ્ઞા લીધી.

ઈ.સ. ૧૮૩૨ના મે માસની ૨૧મી તારીખે જેમ્સ હડસન ટેલરનો જન્મ ઈંગ્લેંડના યોર્કશાયર પરગણાના બાર્ન્સલે નગરમાં થયો હતો.

હેનરી માર્ટિનની માફક હડસન પણ બાળપણથી જ શરીરે ઘણો નાજુક હતો. તેને શાળામાં દાખલ કરવામાં આવ્યો પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે બે વર્ષ પછી તેને શાળા છોડવી પડી અને અગિયાર વર્ષનો થયો ત્યાં સુધી ઘેર રહીને અભ્યાસ કરવો પડયો.

તેનો પિતા મેથોડિસ્ટ મંડળીનો એક પાળક હતો અને

મિશનરી કાર્યમાં ઘણો રસ ધરાવતો હતો. ખાસ કરીને ચીનમાં મિશનરીઓની જે જરૂર છે તે વિષે તે અવારનવાર વાત કરતો. એક દિવસે પોતાના કામદારો સમક્ષ આ વિષે વાત કરતાં કરતાં તેણે પ્રશ્ન પૂછયો કે ચીન જવા કોણ તૈયાર છે ? હડસન જે માત્ર ચાર પાંચ વર્ષનો હતો તે આ સાંભળીને બોલી ઊઠયો - "હું મોટો થઈશ ત્યારે ચીનમાં મિશનરી તરીકે જઈશ."

હડસનના પિતા દરરોજ બપોરે કૌટુંબિક ભજનસેવા ચલાવતા અને બાઈબલનાં વચનોને આધારે શિક્ષણ આપતા. આ સમયે કુટુંબના તમામ સભ્યોએ હાજર રહેવાનું હતું.

૧૮૪૯ના જૂન મહિનામાં એક દિવસે હડસન પોતાના ઘરમાં એકલો હતો ત્યારે તેને પોતાના પિતાનાં જૂનાં પુસ્તકોમાંથી "સંપૂર્ણ થયું" એ નામની એક ટ્રાક્ટ મળી આવી. તેને તે વાંચવામાં રસ પડયો. આ સમયે પવિત્ર આત્માએ તેના હૃદય સાથે વાત કરી અને તેને પોતાનાં પાપનું ભાન થયું. તેને માલૂમ પડયું કે ઈસુએ મારાં પાપનું પ્રાયશ્ચિત કર્યું છે એટલું જ નહિ પણ તેણે જગતના તમામ માણસોનાં પાપનું પ્રાયશ્ચિત કર્યું છે. પ્રભુ ઈસુ મારે બદલે વધસ્તંભ પર મરણ પામ્યો છે અને મારી ખંડણી ભરીને મારું તારણ સિદ્ધ કર્યું છે. હવે મારે શું કરવાનું બાકી છે ? હવે તેની આગળ ઘૂંટણીએ પડીને હું તેનો મારા તારનાર તરીકે સ્વીકાર કરી લઉં. એ જ પળે તેણે પ્રભુ ઈસુનો પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર કરી લીધો અને શાંતિ તથા આનંદનો અનુભવ કર્યો.

આ પ્રસંગ અંગે હડસનના માને થયેલો અનુભવ પણ જાણવા જેવો છે. તે સમયે તે પોતાના ઘેરથી ૭૦-૮૦ માઈલ દૂર છે

અને તે જ દિવસે તેને પોતાના દીકરા માટે પ્રાર્થના કરવાનો બોજ જણાય છે. આથી બપોરના ખાણા પછી તે પોતાના ઓરડામાં જાય છે અને બારણું અંદરથી બંધ કરીને તે ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરે છે. પોતાના દીકરાના તારણ માટે તે ઈશ્વરની આગળ
પ્રાર્થના કરે છે. પોતાના દીકરાના તારણ માટે તે ઈશ્વરની આગળ
આગ્રહથી અરજ ગુજારે છે. એ પ્રમાણે તેણે કલાકોના કલાકો સુધી પોતાના ઘૂંટણ પર રહીને તેણે ઈશ્વરને આજીજી કર્યા કરી. તેની પ્રાર્થના સાંભળવામાં આવી છે એવો તેને ખાતરીપૂર્વકનો પ્રત્યુત્તર મળવાથી તેણે ઈશ્વરની આભારસ્તુતિ કરી.

જ્યારે તે ઘેર પાછી ફરી અને હડસનને આ બધી વાત કરી ત્યારે હડસનને ઘણું જ આશ્ચર્ય લાગ્યું.

વળી તેની બહેન એમેલિયાની નાની ડાયરી તેણે વાંચી ત્યારે તે પરથી જાણવા મળ્યું કે તે પણ પોતાના ભાઈના બદલાણ માટે રોજ ઈશ્વરની પ્રાર્થના કરતી હતી.

હડસનના બદલાણ પછી તેનો જીવનક્રમ બદલાઈ ગયો. તે શાસ્ત્રવાંચન અને પ્રાર્થના કરવામાં વધારે સમય આપવા લાગ્યો. ઈશ્વરની સેવા કરવા માટે મારે કંઈક કરવું જોઈએ એવા વિચાર તેના મનમાં સતત આવ્યા કરતા. તે વિચારવા લાગ્યો કે જોકે હું ઉપદેશ કરી શકું નહિ પણ લોકોને ટ્રાક્ટો તો આપી શકું. પરંતુ કયે વખતે તે થઈ શકે ?

સવારથી રાત સુધી તો તે પોતાના પિતાની કેમીસ્ટની દુકાનમાં રોકાયેલો રહેતો હતો. આથી તેણે રવિવારની સાંજની ભજનસેવાનો ભોગ આપીને તે કાર્ય કરવા નક્કી કર્યું. આ પ્રમાણે દર રવિવારે તે પોતાની બહેન એમેલિયા સાથે સાંજના સમયે

ટ્રાક્ટો વહેંચવા દૂર દૂર વસતા ગરીબ લોકો મધ્યે જવા લાગ્યો. તેઓ ત્યાં અવારનવાર જતાં એટલે લોકો તેમને ઓળખી ગયા હતા અને તેમનો આવકાર કરતા.

તેમ છતાં ચીન દેશના વિચારો તેના મનમાંથી ખસતા નહોતા. ત્યાંના લાખો લોકો જે અંધકારમાં હતા તેમને સુવાર્તા પહોંચાડવાની તેનામાં ઘણી ધગશ હતી.

સને ૧૮૪૯ના ડિસેમ્બરની પાંચમી તારીખના રવિવારે રાત્રે હડસન પોતાના પલંગ પાસે ઘૂંટણીએ પડીને આગ્રહપૂર્વક ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો અને પોતાના ભવિષ્યના કામ માટે તે ઈશ્વરની દોરવણી માગવા લાગ્યો. છેવટે ઈશ્વરે તેને સ્પષ્ટ રીતે જણાવ્યું કે તારી પ્રાર્થના સાંભળવામાં આવી છે અને તું મારે માટે ચીનમાં જા. તેણે આ તેડું સ્વીકારી લીધું.

□

# ૨ ચીન જવા માટે તૈયારી

ઈ.સ. ૧૮૫૦ના આરંભથી જ હડસને નવી શરૂઆત કરી. ઈશ્વરે તેને તેડું આપ્યું હતું અને હવે તે પાછળ જોવા માગતો નહોતો. ગમે તે થાય પણ તે ચીનમાં સ્વામીની ઇચ્છા પૂરી કરવા ઇચ્છતો હતો. આથી આ અંગે તેણે પ્રાર્થના કરવા માંડી અને સાથે સાથે ભવિષ્યના પોતાના કાર્યક્ષેત્ર અંગે અભ્યાસ કરવાનું પણ શરૂ કર્યું.

એ સમયે લંડન મિશનરી સોસાયટીએ ચીનમાં કામ શરૂ કર્યું હતું, પણ તે હજી બાલ્યાવસ્થામાં જ હતી.

વળી ચીની ભાષા શીખવા માટે જે જરૂરી પુસ્તકો જોઈએ તે તેને મળી શક્યાં નહિ, તેમ જ તે ભાષા શીખવી શકે એવી કોઈ વ્યક્તિ પણ મળી નહિ. આખરે ચીની ભાષામાં લખાયેલી લૂકની સુવાર્તાની એક નકલ તેને મળી આવી અને તેને આધારે બહુ જ મુશ્કેલીથી તે ચીની ભાષા શીખી શક્યો.

લંડન મિશનરી સોસાયટીના એક માણસે ચીન દેશ વિષે એક પુસ્તક લખ્યું હતું તે તેને મળી આવ્યું અને ચીનમાં જનાર મિશનરીએ કેવા કેવા પ્રકારની તાલીમ લેવી જોઈએ એ વિષે તેને તેમાંથી દોરવણી મળી અને તે પરથી વૈદકીય જ્ઞાન મેળવવું જરૂરી છે એવી તેને ખાતરી થઈ. પરંતુ હડસનને હજી તો ૧૮ વર્ષ

પણ થયાં નહોતાં એટલે તે તેમાં ઝંપલાવી શક્યો નહિ. પણ ચીની ભાષા શીખવાનું ચાલુ રાખ્યું.

વળી તેણે પોતાનું જીવન ખડતલ બનાવવા નિશ્ચય કર્યો. આથી તેણે ખુલ્લી હવામાં કસરત કરવા માંડી અને ખાવાપીવામાં મોજશોખની વસ્તુઓ બંધ કરી. તેણે સાદો ખોરાક લેવા માંડયો અને સુંવાળી પથારી તજી દઈને કઠણ પથારી પર સૂવાનું શરૂ કર્યું. તે રોજ સવારે પાંચ વાગે ઊઠી જતો અને પોતાનાં રોજિંદા કાર્ય શ્રમપૂર્વક કરતો. આ રીતે તે પોતાના શરીરને કસવા લાગ્યો.

પોતાના પિતાની કેમિસ્ટની દુકાનમાં કામ કરતાં કરતાં તેણે કેટલુંય વૈદકીય જ્ઞાન સંપાદન કર્યું હતું, પરંતુ વધારે જ્ઞાન પ્રાપ્ત કરવાની તેનામાં પ્રબળ ઈચ્છા હતી. એવામાં હલ શહેરના એક સુપ્રસિદ્ધ ડૉ. રોબર્ટ હાર્ડેના દવાખાનામાં એક મદદનીશની જગા ખાલી પડી. આથી તેણે આ તક ઝડપી લીધી અને તે ત્યાં જોડાયો. આવી રીતે તેણે પોતાનું ઘર છોડયું અને ત્યાં જઈને આરંભમાં ડૉક્ટરની સાથે રહેવા લાગ્યો. પાછળથી તે પોતાની માસીને ત્યાં રહેવા લાગ્યો.

એક ખંતિલા ડૉક્ટર તરીકે તેમની ખ્યાતિ સારી હતી. વળી તે એક સારા ભાવિક ખ્રિસ્તી પણ હતા. તે શરીરે ઊંચા અને કદાવર હતા છતાં તે નમ્ર અને રમૂજી હતી. હડસનને ત્યાં ગમી ગયું. વળી હડસનને હિસાબી કામ આવડતું હતું એટલે ડૉક્ટરે તેને હિસાબી કામની જવાબદારી પણ સોંપી.

ડૉ. હાર્ડે તરફથી તેને જે પગાર મળતો હતો તે તેની અંગત જરૂરિયાતો માટે પૂરતો હતો. પરંતુ ઈશ્વરના કાર્ય માટે પોતાની આવકનો દશમો ભાગ આપવો જોઈએ એ મારી ફરજ અને મારો

હક્ક છે એવું તે સમજતો હતો. દરેક રવિવારે તે શહેરના અમુક ભાગમાં જઈને સુવાર્તા પ્રચાર કરતો હતો. લોકોને આર્થિક અને આત્મિક મદદની તાતી જરૂર છે એવી તેને ખબર પડી એટલે તેણે પોતાનો ખર્ચ ઓછો કર્યો અને બીજાઓને આપવામાં રહેલો આનંદ મેળવવા લાગ્યો.

હવે તે પોતાની માસીના ઘરેથી નીકળીને શહેર બહાર આવેલા એક ઘણા સાદા ઘરમાં (૧૨ ચો. ફૂટ) રહેવા ગયો અને પોતે પોતાના ખોરાકની વ્યવસ્થા કરવા લાગ્યો. દવાખાનેથી પાછો ફરે ત્યારે તે પોતાને માટે સાદા ખોરાકની વસ્તુઓ ખરીદી લાવતો અને તેથી તે ચલાવી લેતો.

તેની નજીકમાં રહેતા લોકો ઘણી કંગાળ અવસ્થામાં જીવતા હતા. તેઓ દરિદ્રતા અને દુઃખના ભોગ થઈ પડયા હતા. હડસન તેઓની અવારનવાર મુલાકાત લેતો હતો. હું સુવાર્તાને અર્થે તેઓ મધ્યે શ્રમ કરું છું તેથી મારે તેમને મદદ અને દિલાસો આપવાં જોઈએ એવું તે સમજવા લાગ્યો. તેને એમ લાગ્યું કે મારે મારો ખર્ચ હજી પણ ઓછો કરવો જોઈએ. આથી તેણે બટર, દૂધ વગેરે વાપરવાનું બંધ કર્યું અને તે ઘણા જ સાદા ખોરાક પર રહેવા લાગ્યો. આ રીતે તે પોતાની આવકનો ૨/૩ ભાગ એ કામને માટે બચાવી શકયો. આ અંગે તે પોતાનો અનુભવ જણાવતાં કહે છે : “જેમ જેમ હું પોતાને માટે ઓછો ખર્ચ કરતો ગયો અને અન્યને વધારે આપવા લાગ્યો તેમ તેમ મારો આત્મા આનંદ અને આશીર્વાદથી ભરપૂર થતો ગયો.”

આ સમયે ચીન દેશને લક્ષમાં રાખીને હડસને પોતાની મા પર લખ્યું કે મિશનરી કાર્ય એ ઉમદામાં ઉમદા કાર્ય છે. નાશમાં

જતા આત્માઓને શુભ સંદેશ પહોંચાડવા હું મિશનરી થવાની ઝંખના રાખી રહ્યો છું. દર વરસે ચીનમાં લાખો લોકો ઈશ્વર વિના અને અનંતકાળની આશા વિના મૃત્યુ પામે છે તેનો વિચાર કર. જે ઈસુ આપણે માટે મૃત્યુ પામ્યો તેને સારુ શું આપણે આપણા સર્વસ્વનો ત્યાગ કરવો ન જોઈએ ? ચીન માટે કંઈ કરવામાં ન આવે તો મને લાગે છે કે હું જીવી શકું નહિ.

પોતાના જીવનમાં હડસને આપેલો ભોગ અને તેણે કરેલો સ્વનકાર આપણને પ્રેરણા આપે છે.

એક વાર રવિવારની સાંજની ભજનસેવા મેં પૂરી કરી તે બાદ એક ગરીબ માણસ મારી પાસે આવ્યો અને વિનંતી કરવા લાગ્યો કે મારી પત્ની મરણતોલ માંદી છે અને તમે પ્રાર્થના કરાવવા આવી શકો તો સારું. હું તરત જ તૈયાર થઈ ગયો અને અમે તેના ઘર તરફ ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં મેં તેને પૂછયું કે આ વિષે તમે તમારા પાળકને જણાવ્યું કે નહિ ? તેણે જવાબમાં કહ્યું કે, મેં તેમને આ વિષે વાત કરી પરંતુ તેમની માગણી મુજબ હું તેમને ૧૮ પેન્સ આપી શક્યો નહિ એટલે તેમણે આવવા ના પાડી.

જતાં જતાં માર્ગમાં એક એવો લત્તો આવ્યો કે જ્યાં મને જરા બેચેની લાગી કારણ કે અગાઉ હું આ સ્થળે આવ્યો હતો ત્યારે લોકોએ મારા પ્રત્યે સારો વર્તાવ કર્યો નહોતો. તેમણે મારી પાસેની ટ્રાક્ટો લઈને ફાડી નાખી હતી અને ફરી હું આ સ્થળે આવું નહિ એવી મને ધમકી આપી હતી. પરંતુ અત્યારે તો હું મારી ફરજ ઉપર હતો એટલે અમે આગળ ચાલવા માડયું.

આ ગરીબ માણસના ઘરે હું પહોંચ્યો ત્યારે ત્યાં મેં શું જોયું?

ભૂખમરાને કારણે દૂબળાં થઈ ગયેલાં ૪-૫ બાળકો એક બાજુ ઊભાં હતાં. બાળકોની મા નંખાઈ ગયેલી હાલતમાં એક ખાટલા પર પડેલી હતી અને તેને પડખે ૩૬ કલાકનું એક નાનું કુમળું બાળક પડયું પડયું કણસતું હતું.

કુટુંબની સ્થિતિ ઘણી દયાજનક હતી. હડસનના ખિસ્સામાં નાણાંનો એક જ સિક્કો હતો. તે વિચારવા લાગ્યો કે દુનિયા પરનું આ મારું બધું દ્રવ્ય છે. સાંજના વાળા માટે અને સવારના નાસ્તા માટે વ્યવસ્થા છે પણ તે પછીના દિવસ માટે કંઈ નથી એટલે મારાથી શું થઈ શકે ?

પછી તેઓએ ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરી. ઘૂંટણ પરથી ઊઠતાં ઊઠતાં જાણે કે ઈશ્વર તેને ઠપકો આપતો હોય તેમ જણાયું. ઈશ્વરે તેને કહ્યું કે, "તું ઢોંગી છે. તું મને પિતા કહીને હાંક મારે છે, પણ તારો ભરોસો ક્યાં છે ? પિતા શું તારી ગરજ નથી જાણતા ?" આથી તે શરમિંદો બની ગયો અને પોતાની પાસે નાણાંનો જે સિક્કો હતો તે આ ગરીબ કુટુંબને આપી દીધો.

હવે બન્યું એમ કે બીજે દિવસે તે સવારના નાસ્તા પર બેઠો હતો ત્યારે કોઈએકે તેના બારણા પર ટકોરા માર્યા. સોમવારે સામાન્ય રીતે ટપાલ આવતી નથી એટલે તેને અચંબો લાગ્યો અને વિચારમાં પડી ગયો. ઘરની જે માલિક હતી તે પોતાના ભીના હાથમાં એક પરબીડીયું લઈને આવી હતી. કોણે મોકલ્યું હશે તેની તે અટકળ કરી શક્યો નહિ. પણ તેણે તે ખોલ્યું ત્યારે તેમાંથી નાણાંનો એક સિક્કો સરકી પડયો. આનંદ સાથે તે પોકારી ઊઠયો - "ઈશ્વરની સ્તુતિ થાઓ."

આ સિક્કા પરથી જણાયું કે માત્ર બાર કલાકમાં ઈશ્વરે મને ૪૦૦ ટકા વ્યાજ આપ્યું છે.

હડસને કહ્યું કે, જીવનના બારિક અને મુશ્કેલ સંજોગોમાં આ બનાવથી મને અનેક વાર ઉત્તેજન મળ્યું છે. જો આપણે નાની નાની બાબતોમાં ઈશ્વરને વિશ્વાસુ રહીએ તો જીવનની કપરી કસોટીઓમાં આપણને તેની મદદનો અનુભવ થયા વિના રહેશે નહિ.

ડૉ. હાર્ડે તરફથી એવું સૂચન કરવામાં આવ્યું કે હડસન અમુક વર્ષો સુધી તેમની સાથે રહીને કામ ચાલુ રાખવાની બાંહેધરી આપે. પરંતુ હડસને તે બાબત સ્વીકારી નહિ. હડસન વધુ અભ્યાસ માટે લંડન જવા માગતો હતો. અને તેથી તેણે ડૉ. હાર્ડેને પોતાનું રાજીનામું લખી આપ્યું. જોકે સંજોગો અનેક રીતે તેને ગભરાવતા હતા તોપણ તેણે સંજોગો ઉપર આધાર ન રાખતાં ઈશ્વર પર બધો આધાર રાખ્યો કારણ કે તે એમ સમજતો હતો કે સંજોગો પર આધાર રાખવામાં આપણે ઈશ્વર પર શંકા લાવીએ છીએ. આથી ગીતશાસ્ત્રના ૩૭માં અધ્યાયમાં આપેલાં ઈશ્વરનાં વચનો પણ તેણે વધારે ભરોસો મૂક્યો.

ઈશ્વરનાં વચનો પર આધાર રાખીને તે પ્રાર્થના કરવા લાગ્યો અને ઈશ્વરે તેનો માર્ગ ખુલ્લો કર્યો. લંડનમાં રહેવા માટે વ્યવસ્થા થઈ ગઈ તેમ દવાખાનાની તેની ફી ભરવાની જવાબદારી પણ ચીન માટેની સુવાર્તા પ્રચારક સોસાયટીએ લીધી.

વૈદકીય વિદ્યાર્થી તરીકે હડસને લંડનમાં અભ્યાસ શરૂ કર્યો તે સમયે તેની ઉંમર વીસ વર્ષની હતી. તે લંડનમાં હતો તે દરમ્યાન તેના વિશ્વાસની ઘણી કસોટી થઈ હતી. જે દવાખાનામાં

તેણે અભ્યાસ કરવાનો હતો તે તેના રહેવાના સ્થળેથી ચાર માઈલ દૂર હતું, આથી રોજના આઠ માઈલ ચાલવા પડતા અને તે માટે તેને ઓછામાં ઓછા બે કલાક લાગતા હતા. જોકે જૂની ઢબની મોટરો ફરતી હતી પણ તે તેમાં બેસતો નહિ. તે ઘણું કરકસરિયું જીવન જીવતો હતો. દવાખાનેથી પાછો ફરતાં બેકરીમાંથી બ્રેડ લેતો આવતો અને તેના બે ભાગ કરતો. એક ભાગ સવારમાં અને બીજો ભાગ સાંજે વાપરતો. તે પાઉંરોટી, સફરજન અને પાણીથી ચલાવી લેતો.

એક દિવસે સાંજને સમયે તે પોતાની નોંધના કાગળો સીવતો હતો ત્યારે તેના જમણા હાથની પહેલી આંગળીમાં સોય ભોંકાઈ ગઈ. બીજે દિવસે હડસન દવાખાને ગયો ત્યારે ત્યાં એક મૃતદેહનો અંગવિચ્છેદ કરવાનો હતો. હવે એ માણસ તો કોઈક ઝેરી તાવથી મૃત્યુ પામ્યો હતો. હડસનને પેલી સોય ભોંકાઈ ગઈ હતી તેનો તેને ખ્યાલ રહ્યો નહિ અને કામે લાગી ગયો.

હડસનને ઝેરી અસર લાગવાથી તે માંદો થઈ ગયો. કેટલોક સમય તો તે બેભાન પણ થઈ ગયો હતો. તેના જમણા હાથમાં તથા પડખામાં ભારે વેદના થવા લાગી. દિવસે દિવસે તેની માંદગી વધવા લાગી એટલે સુધી કે તે છેક મરણની નજીક પહોંચી ગયો. છેવટે કેટલાંક અઠવાડિયાં પછી તેને સારું થઈ ગયું. પાછળથી જાણવા મળ્યું કે એ જ સમયે બીજા કોઈ દવાખાનામાં એ જ પ્રકારનું કાર્ય કરતાં બે માણસો ગુજરી ગયા હતા. હડસનને લાગ્યું કે ચીન જવાની મારી પ્રાર્થનાઓના પ્રત્યુત્તરમાં ઈશ્વરે મને ઉગારી લીધો છે.

ખ્રિસ્તને માટે આત્માઓ જીતવાની તેનામાં ઘણી ધગશ હતી અને તેથી ગમે ત્યાં તે માટે પ્રયત્ન કરતો હતો.

તેને એક દરદી સોંપવામાં આવેલો જે ઘણો બીમાર હતો. તેને ખરાબ જાતનું ગૂમડું થયું હતું અને તેની સ્થિતિ ઘણી ગંભીર હતી. તે ધર્મનો તિરસ્કાર કરનાર હતો. હડસન તેના સંબંધી આ પ્રમાણે લખે છે : મને તેની સોંપણી કરવામાં આવી ત્યારથી મને તેના આત્માના બચાવ વિષે વિચારો આવ્યા કરતા. જે ખ્રિસ્તી કુટુંબમાં તે રહેતો હતો તેમના તરફથી જાણવા મળ્યું કે તે એક ચુસ્ત નાસ્તિક છે અને કોઈપણ ધાર્મિક બાબતનો તે વિરોધી છે. એક વાર તેની જાણ બહાર તેઓએ બાઈબલના એક જાણકારને તેની મુલાકાત લેવા બોલાવ્યો હતો. તે માણસ આવ્યો ત્યારે તેણે ગુસ્સે થઈને તેને ઘર બહાર કાઢી મૂક્યો. તે પછી તે બાજુના એક ધર્મસેવકને તેને મદદ કરવા બોલાવવામાં આવ્યો, પરંતુ તે માણસ તેના મોં પર થૂંક્યો અને તેને બોલવા દીધો નહિ.

હું તેની સારવાર માટે જવાનો હતો તે અગાઉ મેં બે ત્રણ દિવસ સુધી ઘણી પ્રાર્થના કરી. તેના રોગી અવયવની કાળજીપૂર્વક સારવાર કરવામાં આવી એટલે તેનું ઘણું દુઃખ હલકું થઈ ગયું, અને તેણે મારી સેવાની કદર કરવા માંડી. એક દિવસે ધડકતા હૃદયે મેં તેને ખ્રિસ્ત દ્વારા ઈશ્વરની જે કૃપા મળે છે તે વિષે વાત કરી પણ તે કંઈ બોલ્યો નહિ અને ખાટલા પર મારી તરફ પીઠ ફેરવીને સૂઈ ગયો.

આ માણસ મારા મનમાંથી ખસતો નહોતો. અનેક વાર તેના માટે હું ઈશ્વર આગળ પ્રાર્થના કરતો કે તેના મૃત્યુ પહેલાં તેનો બચાવ થાય. જ્યારે તેના ઘાનું ડ્રેસિંગ કરું ત્યારે ત્યારે હું

હમેશાં તેને ઈશ્વરના પ્રેમ વિષે વાત કરતો પણ દર વખતે તે મારી તરફ પીઠ ફેરવીને ફરી જતો અને કોઈ પ્રત્યુત્તર આપતો નહિ.

આ પ્રમાણે કેટલાક દિવસ ચાલ્યું. પણ પછી એક દિવસ તે મારી સાથે પ્રાર્થના કરવા સંમત થયો. હું ઘૂંટણીએ પડયો અને તેને સારુ આગ્રહથી આંસુઓ સહિત મેં પ્રાર્થના કરી. તે જ વખતે ઈશ્વરે તેના હૃદયમાં કામ કર્યું અને ફરીથી કદી તેણે પ્રાર્થના માટે ના પાડી નહિ. તેણે થોડા દહાડામાં ઈસુનો પોતાના તારનાર તરીકે સ્વીકાર કર્યો. પોતાના બદલાણ પછી તેણે જિંદગીભર ઈશ્વરની કૃપા વિષે સાક્ષી આપી.

તે પછી થોડા સમયમાં હડસનનો માર્ગ એકાએક ખુલ્લો થઈ ગયો. ચીન માટેની સુવાર્તાપ્રચારક સોસાયટી તરફથી જૂન મહિનાના આરંભમાં તેના પર પત્ર આવ્યો કે હવે તેણે મિશનરી તરીકે ચીન જવા તૈયાર થઈ જવું જોઈએ. સદરહુ સોસાયટીએ નવમી સપ્ટેમ્બરના રોજ શુક્રવારે સાંજે તેના માટે એક વિદાય સમારંભ રાખ્યો અને તે સમયે ઈશ્વરની કૃપાને તેની સોંપણી કરી.

□

# ૩ આખરે ચીનમાં

ઈ.સ. ૧૮૫૩ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે હડસન ચીન જવા માટે લીવરપુલથી ડમ્ફ્રીસ નામના વહાણ મારફતે ઊપડયો. હડસનને વિદાય આપવા માટે તેનાં માબાપ અને સુવાર્તા પ્રચારક સોસાયટીના પ્રતિનિધિ મિ. પીઅર્સ બંદર પર આવ્યા હતા. વહાણને ઊપડવામાં વિલંબ થયેલો હોવાથી તેના પિતા અને મિ. પીઅર્સ વહેલા પાછા ફર્યા. હવે મા દીકરો એકલાં જ ત્યાં રહ્યાં.

પછી તે બંને જણ વહાણની કેબિનમાં ગયાં. તેમણે સાથે સાથે એક ગીત ગાયું અને પ્રાર્થના કરવા તેઓ ઘૂંટણીએ પડયાં. માએ પોતાના દીકરી માટે છેલ્લી પ્રાર્થના કરાવી. હવે છૂટાં પડવાનો સમય આવી ગયો. પોતાના ૨૧ વર્ષના દીકરાને છેલ્લી વિદાય આપતાં માનું હૈયું ભરાઈ આવ્યું પણ પોતાના દીકરાની ખાતર તે પ્રદર્શિત કરી શકી નહિ. આખરે પોતાના દીકરાને આશીર્વાદ દઈને માએ વિદાય લીધી અને હડસન પોતાની માને અનિમેષ નેત્રે નિહાળી રહ્યો.

મુસાફરીના આરંભના દિવસોમાં પવનનું ભારે ભયજનક તોફાન આવ્યું હતું. તે સમયે હડસન ઈશ્વરની સન્નિદ્ધ ગયો. તેણે એકાદ બે ગીત ગાયાં અને ગીતશાસ્ત્રમાંથી કેટલુંક વાંચન કર્યું. વળી યોહાન ૧૩-૧૬ અધ્યાય વાંચ્યા. આથી તેને ઘણો દિલાસો મળ્યો અને તેને એકાદ કલાક સારી ઊંઘ આવી ગઈ.

તેણે કહ્યું - ઈશ્વરની સહાય મળી ન હોત તો માણસના તમામ પ્રયત્નો વ્યર્થ હતા. ઈશ્વરની કૃપા સર્વકાળ ટકે છે.

બિસ્કેના અખાતમાં થઈને તેઓ પસાર થતા હતા ત્યારે હડસનને માલૂમ પડયું કે વહાણમાં સ્વીડનનો એક સુથાર છે અને તે ઘણો આસ્થાવાન ખ્રિસ્તી છે. વહાણના ઉતારુઓ મધ્યે જો નિયમિત ભજનસેવા ચલાવવામાં આવે તો તેમાં મદદરૂપ થવા તેણે ખાતરી આપી હતી. આથી બાકીની મુસાફરી દરમ્યાન ૬૦ વાર એવી સભાઓ ચલાવવામાં આવી હતી. તે માટે હડસન ઘણી જ પ્રાર્થના અને તૈયારી કરતો હતો. હડસનને પોતાને પણ તેનાથી ઘણો લાભ થયો હતો. લોકો પ્રાર્થના માટે અને વાતચીત કરવા તેની, પાસે આવતા હતા.

એક વાર રવિવારે વહાણના તુતક પર સવારની ભજનસેવા ચાલતી હતી તે દરમ્યાન હડસન વહાણના કપ્તાનને જોઈ ગયો. તે બેબાકળો અને ચિંતાતુર જણાતો હતો. ભજનસેવા પૂરી કર્યા પછી હડસને તેની પાસે જઈને તેને પૂછયું કે, તમે આટલા બધા ચિંતાતુર કેમ જણાઓ છો ? કપ્તાને કહ્યું કે, પવન બંધ થઈ ગયો છે અને વહાણ પાણીમાં ઢંકાયેલા એક ખડક તરફ ઘસડાઈ રહ્યું છે ને અમે ઘણા જોખમમાં છીએ. અમે બધાએ થાય તેટલા પ્રયત્નો તો કર્યા છે. ત્યારે હડસને કહ્યું કે હજી એક કામ કરવાનું બાકી છે. આ વહાણ પર અમે ચાર માણસો ખ્રિસ્તી છીએ અને અમે એક ચિત્તે પ્રાર્થના કરીશું એટલે ઈશ્વર તરત પવન મોકલી આપશે. કપ્તાને આ વાત મંજૂર રાખી. હડસને જઈને બીજા ખ્રિસ્તી માણસોને આ સંબંધી કહ્યું. અમે બધાએ પ્રાર્થના કરી ને અમારી વિનંતી ઈશ્વરે સાંભળી. હડસને જઈને કપ્તાનને કહ્યું કે

ઈશ્વર પાસે અમે પવન માગ્યો છે અને તે તરત મોકલે છે. માટે સઢ ચઢાવો અને તરત જ ખરેખર પવન આવ્યો.

હડસને કહ્યું કે, હું ચીનના કિનારે ઊતરું તે પહેલાં ઈશ્વરે મને આ રીતે ઉત્તેજન આપ્યું છે. હું મારી દરેકે દરેક ગરજ પ્રાર્થનામાં ઈશ્વર પાસે લઈ જઉં છું અને કટોકટીના સમયમાં તે જરૂર સહાય મોકલી આપે છે.

સાડા પાંચ મહિનાની મુસાફરી કર્યા પછી વહાણ આખરે ચીનના કિનારે આવી પહોંચ્યું. હડસનની પ્રાર્થનાઓ સાંભળવામાં આવી હતી અને વર્ષોથી સેવાયેલું સ્વપ્ન હવે સાચું પડયું છે. હવે તે ચીનને નિહાળે છે. ઈ.સ. ૧૮૫૪ના માર્ચ માસની પહેલી તારીખે હડસન ચીનના શાંગહાઈ શહેરમાં પ્રથમ પગ મૂકે છે. તે લખે છે કે એ સમયે હું આભારસ્તુતિનાં આંસુ અટકાવી શક્યો નહિ.

□

# ૪ આરંભમાં થયેલા અનુભવ

હડસન ચીનની ભૂમિ પર ઊતર્યો ત્યારે તેને કોઈ મળવા આવ્યું નહોતું. અત્યારે તે એકલો અટૂલો અજાણ્યા મુલકમાં હતો. વળી ત્યાંના લોકો જે ભાષા બોલતા હતા તે તે સમજી શકતો નહોતો.

એવામાં તેને એક યુરોપિયન મળી આવ્યો. તેનું નામ એડકિન હતું અને તે એક જુનિયર મિશનરી હતો. તેણે હડસનને અન્ય મિશનરીઓ સાથે મુલાકાત કરાવવામાં ઘણી મદદ કરી હતી.

આ સમયે ડૉ. લોકહાર્ટ એકલા રહેતા હતા. એટલે તેમણે હડસનને પોતાના મહેમાન તરીકે રાખ્યો અને ખોરાકીખર્ચ પેટે જૂજ રકમ આપવા જણાવ્યું. આથી વહાણમાંનો હડસનનો સરસામાન ડૉ. લોકહાર્ટને ત્યાં જ લાવવામાં આવ્યો.

ત્યાં દવાખાનામાં દરરોજ ભજનસેવા ચલાવવામાં આવતી હતી. આ પ્રસંગે ડૉ. મેડહર્સ્ટે તે સભા ચલાવી હતી અને હડસને પ્રથમ વાર ત્યાંની ભાષામાં ઉપદેશ સાંભળ્યો. ભજનસેવા બાદ ડૉ. મેડહર્સ્ટે વાતચીત કરતાં કરતાં હડસનને એવી સલાહ આપી કે ચીનમાં વ્યાપક રીતે બોલાતી ભાષા મેન્ડારિનનો અભ્યાસ તેણે શરૂ કરી દેવો જોઈએ. તે માટે એક શિક્ષકની પણ વ્યવસ્થા કરવામાં આવી.

પોતાની પરિસ્થિતિ સમજાવવા હડસને મિ. પીઅર્સ પર એક પત્ર લખીને જણાવ્યું કે ઈશ્વરની દોરવણીનાં સ્પષ્ટ વચનો મને મળ્યાં ન હોત તો મારી સ્થિતિ ઘણી મૂંઝવણભરેલી થઈ ગઈ હોત. સંજોગો તરફ જોતાં મારા પગારમાં મારાથી ચલાવી શકાય એમ જણાતું નથી. હું મારા મકાનમાં રહેતો હોત તો ભાત અને મોરસ-દૂધ વગરની ચા પર ચલાવી લેત કેમ કે રોટલી વધારે ખર્ચાળ છે.

હડસન ઘણી મોટી આશાઓ સાથે ચીનમાં આવ્યો હતો. તેની એવી આશા હતી કે તે ચીનમાં અંદરના દૂરના ભાગમાં જઈને લોકોની મધ્યે રહેશે. પોતાના સુખચેનનો ભોગ આપીને, ઓછામાં ઓછો ખર્ચ કરીને, સાદામાં સાદું જીવન જીવીને તે આત્માઓ જીતી શકશે.

તેની આંખો નબળી હતી. સૂર્યના તાપને કારણે તેમ જ ધૂળથી તે અવારનવાર દુ:ખી આવતી. વળી તેને અતિશય માથું દુ:ખતું હતું. આમ છતાં ચીની ભાષા શીખવા માટે તે રોજના સરાસરી પાંચ કલાક આપતો હતો.

પોતાના મિત્ર બેર્ડોની સાથે એકાદ બે વાર હડસન ગ્રામ્ય વિસ્તારમાં ગયો હતો જ્યાં લોકોએ તેમનો સારો આવકાર કર્યો હતો. આ મિત્ર તેને મળી આવ્યો તેથી તેને આનંદ થતો હતો.

છેલ્લા ચાર પાંચ મહિનાથી હડસન પોતાને માટે ઘરની શોધમાં હતો. આખરે તેને ચીની ઢબનું લાકડાનું એક ઘર મળી આવ્યું. છ મહિનાથી હડસન ડૉ. લોકહાર્ટને ત્યાં રહેતો હતો. ઓગસ્ટની ૩૦મી તારીખે ત્યાંથી તેમની વિદાય લઈને તે આ

નવા ઘરમાં રહેવા આવ્યો. અહીં એકાંતમાં તેને ઈશ્વરનાં વચનો વાંચવા માટે અને પ્રાર્થના માટે સારો એવો સમય મળતો.

પોતાનું વતન છોડયાને હવે તેને એક વર્ષ થવા આવ્યું હતું. તેનો નવો શિક્ષક એક આસ્થાવાન ખ્રિસ્તી હતો અને તે તેને ભજનસેવા ચલાવવામાં મદદ કરતો હતો. ભજનસેવા બાદ હડસન દરદીઓને તપાસતો અને મુલાકાતીઓ સાથે વાત કરતો હતો. રવિવારે તેઓ બંને સુવાર્તા પ્રગટ કરવા જતા હતા.

હડસન રહેતો હતો એ ભાગમાં એક વાર આગ લાગી. તે અંગે ઓક્ટોબરની ૧૪મી તારીખે તેણે પોતાનાં માબાપ પર આ પ્રમાણે લખ્યું - "ગયા બુધવારે રાત્રે આગને કારણે હું ત્રણ વાગે જાગી ઊઠયો. ચીનમાં લાકડાનાં ઘર હોવાથી તે રાતના પવનમાં એકદમ સળગી જતાં. મારે માટે આ ઘણો ચિંતાનો સમય હતો કારણ કે આગ મારા ઘરથી ચાર પાંચ ઘર સુધી આવી ગઈ હતી. તે જ સમયે રક્ષણને માટે મેં આતુરતાથી ઈશ્વરની પ્રાર્થના કરી. વરસાદ પડવા લાગ્યો અને પવન પણ થંભી ગયો. ધીમે ધીમે આગ હોલવાતી ગઈ અને મેં ઈશ્વરનો આભાર માન્યો."

"મારા જીવનમાં આવી કસોટીનો સમય કદી આવ્યો નહોતો પણ તે જરૂરનો હતો, કેમ કે તે મને આશીર્વાદરૂપ નીવડયો હતો."

□

# ૫ સુવાર્તિક મુસાફરીઓ

એડકિનની સાથે હડસન મુસાફરીમાં જોડાય એવું આમંત્રણ મળવાથી સને ૧૮૫૪ના ડિસેમ્બરની ૧૬મી તારીખે દૂરના ભાગમાં જવા માટે અમે પ્રથમ સુવાર્તિક મુસાફરી શરૂ કરી.

ચીનની એક સઢવાળી હોડીમાં બીજા ઉતારુઓ સાથે તેઓ પણ બેઠા અને શાંગહાઈની દક્ષિણે ચાલીસેક માઈલ પર આવેલા સુંગકિયાંગ નગરે આવી પહોંચ્યા. ત્યાં બુદ્ધનું મંદિર હતું. તેઓ મંદિરના ચોગાનમાં આવ્યા ત્યારે આ પરદેશી માણસોને જોવા માટે અને તેમનું સાંભળવા માટે લોકોનું મોટું ટોળું જમા થઈ ગયું. તેમણે આણેલું ખ્રિસ્તી સાહિત્ય ખલાસ થઈ ગયું એટલે તેમણે ચાલવા માંડયું. પરંતુ કેટલાક બૌદ્ધ સાધુઓ ત્યાં આવ્યા અને તેમને વિસામા માટે મઠમાં લઈ ગયા. વળી તેમણે તેમના ધર્મના વડાની પણ મુલાકાત કરાવી. તેની આસપાસ પીળા ઝભ્ભાવાળા તથા માથાં મુંડાવેલા ધર્મસેવકો ઊભા હતા. તેમને શુભસંદેશનો ઉપદેશ કરવામાં આવ્યો. આ લોકોએ પ્રથમ વાર જ સુવાર્તા સાંભળી હતી.

એક વાર હડસન પોતે એકલો સુવાર્તા પ્રગટ કરવા નીકળી પડયો. તેણે એક હોડી રાખી લીધી અને તેની મારફતે મુસાફરીએ નીકળી પડયો. આખી રાત મુસાફરી કરીને સવારમાં તે એક સ્થળે આવી પહોંચ્યો. ત્યાં તેણે શું જોયું ? કાંઠા પર અને પાણી ઉપર

પણ બરફ જામી ગયો હતો. તેની સાથે પુસ્તકો ઊંચકનાર એક નોકર હતો. હડસન ઊતરીને કિનારા પર ગયો અને ત્યાં જે જે પરાં આવેલાં હતાં ત્યાં બધે ફરી વળ્યો.

આ મુસાફરી દરમ્યાન તેણે બે મોટાં શહેર અને અનેક ગામડાંની મુલાકાત લીધી. તે દરેક ગલીએ ગલીએ ફરી વળતો અને જેઓ વાંચી શકતા હતા તે બધાને તે ટ્રાક્ટો આપતો. ઉપરાંત કલાકો સુધી તેણે વૈદકીય સેવા પણ આપી. રાતે તે હોડીમાં લોકો સાથે વાત કરતો. ફેબ્રુઆરીની ૧લી તારીખે તે શાંગહાઈ પાછો ફર્યો.

ત્યાર પછી સુવાર્તિક કાર્ય કરવા માટે હડસન બીજી મુસાફરીએ નીકળી પડયો. ડૉ. પાર્કરને ભાષાના અભ્યાસ દરમ્યાન આરામની જરૂર હતી એટલે તે પણ મુસાફરીએ જવા તૈયાર થયા. તેઓ બંને શાંગહાઈથી નીકળીને ઉત્તર-પશ્ચિમમાં આવેલા કિયાટીંગ શહેરે પહોંચી ગયા જ્યાં તેમને જુદા જ પ્રકારનો અનુભવ થવાનો હતો.

અહીં તેઓ આવ્યા ત્યારે પુખ્ત ઉંમરના માણસો તેમ જ બાળકો ભય અને બીકથી નાસભાગ કરતાં જણાયાં, અને તેમની નજીક આવવાની કોઈ હિંમત કરતું નહિ, પણ તેઓ ભાગી જઈને નજીકના મકાનમાં રક્ષણ મેળવવા ભરાઈ જતાં હતાં. તેઓએ પરદેશીઓ વિષે ભયંકર અફવાઓ સાંભળી હતી અને તેથી તેઓમાં બીક પેસી ગઈ હતી. વળી આ શહેરમાં આવનાર પરદેશી તેઓ પહેલા જ હતા.

પણ લોકોએ જ્યારે જાણ્યું કે અમે તો દરદીની સેવા કરીએ

છીએ ત્યારે તેમના મનમાં શાંતિ થઈ અને તે પછી તો તેઓ બધે એમ પ્રગટ કરવા લાગ્યા કે આ તો ભલાં કામ કરનાર છે.

આને કારણે બીજા દિવસે તો સવારથી જ સંખ્યાબંધ લોક વૈદકીય સારવાર લેવા આવવા લાગ્યા. હવે તો તેઓ અમને તેઓનાં ઘરોમાં પણ આવકાર આપવા લાગ્યા.

આ બધું શાને આભારી છે ? પ્રાર્થના, દવા અને સહાનુભૂતિ. હવે તો લોકો ઘણી મિત્રતાથી અમારી સાથે વર્તતા હતા. અમે એક શહેરમાં તો આખો દહાડો રોકાઈને કામ કર્યું.

આ મુસાફરી અંગે હડસને જણાવ્યું કે ડૉ. પાર્કરની મદદ વડે વર્ષના પ્રથમ ત્રણ માસ દરમ્યાન ૩૦૦૦ નવા કરાર તથા શાસ્ત્રભાગો તેમ જ ૭૦૦૦ ટ્રાક્ટો તથા અન્ય પુસ્તકો લોકોના હાથમાં મૂકવામાં આવ્યા હતાં.

એક વાર હડસન પોતાના સાથી બર્ડોનને લઈને શાંગહાઈથી ત્રીસ માઈલ પર આવેલા સુંગમિંગ ટાપુ પર ગયો. ત્યાં દસ લાખ કરતાં વધારે માણસોની વસ્તી હતી અને અત્યાર સુધીમાં કોઈ પણ પ્રોટેસ્ટંટ મિશનરીએ તેની મુલાકાત લીધી નહોતી. આથી હડસનને ત્યાં જવાનું મન થયું હતું. સુંગમિંગમાં અમારી તપાસ માટે ત્યાંના અધિકારીએ અમારી પૂછપરછ કરી. તે એક સારો જુવાન હતો અને અમારી સાથે તે સભ્યતાથી વર્ત્યો હતો. તેણે અમારી વાત ધ્યાનથી સાંભળી અને એક નવો કરાર તથા અન્ય પુસ્તકો અમારી પાસેથી લીધાં.

સુંગમિંગ છોડયા પહેલાં અમે કેટલીક મુખ્ય શાળાઓની મુલાકાત લીધી અને વિદ્યાર્થીઓને તથા શિક્ષકોને કેટલુંક ખ્રિસ્તી સાહિત્ય આપ્યું. તેર શાળાઓની અને એક કોલેજની અમે મુલાકાત

લીધી હતી. શિક્ષકો ઘણા સમજુ હતા અને તેમણે અમને ટાપુ પરનાં વસ્તીવાળાં કેટલાંક સ્થળોની માહિતી આપી.

ત્યાર પછી પવન અને ભરતી અનુકૂળ હોવાથી અમે યાંગ્સે ગયા અને ત્યાંથી બીજે દિવસે અમે ટુંગ્યો જવા નીકળ્યા અને ત્યાં શહેરના પશ્ચિમ ભાગના પરા વિસ્તાર નજીક આવી પહોંચ્યા. શહેરની મુખ્ય શેરીમાં ચાલતાં ચાલતાં અમે કેટલુંક અંતર કાપ્યું એવામાં એક ઊંચો કદાવર માણસ આવ્યો. તે પીધેલો હતો અને તેણે બર્ડોનને ખભાએથી પકડયો, એટલામાં તો ડઝન કરતાં વધારે માણસો ત્યાં આવી ચઢયા. અમને શહેરના મુખ્ય અધિકારી પાસે લઈ જવામાં આવે એવી અમે માગણી કરી, પરંતુ તેમણે કંઈ ગણકાર્યું નહિ. જે માણસે બર્ડોનને પકડયો હતો તે હવે તેને છોડી દઈને હડસન પાસે આવ્યો. હડસન કહે છે કે હું મારા મિત્ર બર્ડોનના જેટલો ઊંચો અને મજબૂત નહોતો એટલે સામનો કરવાની મારામાં શક્તિ નહોતી: તેણે મને અવારનવાર નીચે પાડી નાખ્યો અને મને માથાના વાળથી પકડયો. મારો કોલર પકડીને તેણે મને ગૂંગળાવી નાખવા પ્રયત્ન કર્યો. મારા હાથ અને ખભાને એવા સખત જકડી દીધા કે તેમનો રંગ શ્યામ અને વાદળી થઈ ગયો.

આ સમયે લોકોમાં બે ભાગ પડી ગયા. કેટલાક કહેવા લાગ્યા કે તેમને અધિકારી પાસે લઈ જવા જોઈએ અને કેટલાક કહેતા કે તેમને અહીં જ પૂરા કરી દેવા જોઈએ. એવામાં મેં મારા ખિસ્સામાંથી ચીનનું લાલ કાર્ડ દેખાડયું જે પર નામ લખેલું હતું. તે પછી તેમનું વલણ બદલાયું. મેં કહ્યું કે આ કાર્ડ આ સ્થળના અધિકારીને આપવું જોઈએ અને તેથી અમને ઓફિસે લઈ જાઓ.

ત્યાં અમારાં કાર્ડ અંદર મોકલવામાં આવ્યાં અને થોડી જ વારમાં ટુંગ્યોનો સર્વોચ્ચ અધિકારી અમને મળવા બહાર આવ્યો. તે અમને પોતાના ખાનગી ઓરડામાં લઈ ગયો. અમે અમારી મુલાકાતનો હેતુ તેને સમજાવ્યો અને જે પુસ્તકો અમે તેને આપ્યાં તે બદલ તેણે આભાર માન્યો. મેં ખ્રિસ્તી શિક્ષણનો સાર કહ્યો જે તેણે ધ્યાનથી સાંભળ્યો. ત્યાર પછી નાસ્તો મંગાવવામાં આવ્યો અને તેણે પણ અમારી સાથે નાસ્તો લીધો.

પછી તે દરવાજા સુધી અમારી સાથે આવ્યો અને અમારૂં કામ કરતાં અમને કોઈ સતાવે નહિ તે માટે તેણે માણસો મોકલીને બંદોબસ્ત કરાવ્યો.

તે સ્થળમાં અમે સારી પેઠે સાહિત્યનું વિતરણ કર્યું અને છેલ્લે કોન્ફુસિયન મંદિરની મુલાકાત કરીને વિદાય થયા.

સાંજના સમયે અમે અમારી હોડીઓએ સહિસલામત આવી પહોંચ્યા અને સ્વર્ગીય પિતા તરફથી અમને મળેલાં રક્ષણ અને સહાય માટે તેમનો આભાર માન્યો.

દસ દિવસ પછી હડસન બીજી એક લાંબી મુસાફરીમાં જવા નીકળી પડયો. છેક નાનકિંગ સુધી પહોંચવાનો તેનો ઈરાદો હતો તેથી તેણે યાંગ્સેનો માર્ગ લીધો અને ૪૦૦ માઈલ કરતાં વધારે માઈલની મુસાફરી કરી. આ મુસાફરી તેણે એકલાએ કરી હતી અને તે જોખમવાળી પણ હતી.

મે માસની ૮મી તારીખથી જૂનની ૧લી તારીખ સુધી તેણે મુસાફરી કરી અને તે દરમ્યાન તેણે ૫૮ શહેરોમાં તથા અનેક ગામડાંમાં સુવાર્તા પ્રગટ કરી. તે પૈકી ૫૧ શહેરો એવાં હતાં કે જ્યાં કદી સુવાર્તા પ્રગટ કરવામાં આવી નહોતી.

હડસને ચીનમાં આવીને પ્રથમ બે વર્ષના ગાળામાં જે સુવાર્તિક કામ કર્યું તે ખરેખર આશ્ચર્ય પમાડે તેવું છે. તે સમયે યુદ્ધ ચાલતું હતું. વળી તેણે ભાષાનો અભ્યાસ કરવાનો હતો તેમ જ અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવાનો હતો. વળી જેઓએ કદી પણ તારણના માર્ગ વિષે સાંભળ્યું ન હતું તેઓને સુવાર્તા પ્રગટ કરવાની જવાબદારીનો બોજ તેના હૃદય પર રહેતો હતો. આથી શિયાળાની કડકડતી ઠંડી કે ઉનાળાના ધગધગતા તાપને ગણકાર્યા વગર તે તેઓ મધ્યે જતો. એક મુસાફરી પૂરી થતાં તરત જ બીજી મુસાફરી માટે તૈયારી કરવા મંડી પડતો. આ રીતે તેણે દસ કરતાં વધારે મુસાફરી કરી હતી.

□

# ૬ પ્રથમ ફળ

હવે એવું બન્યું કે ડૉ. પાર્કરનું કુટુંબ અને હડસન જે ઘરમાં રહેતાં હતાં તે ઘર ખાલી કરવાની નોટિસ આવી.

એ જ સમયે લીમ્પોના દવાખાનામાં મદદ કરવા માટે ત્યાંના મિશનરીઓએ ડૉ. પાર્કરને આમંત્રણ આપ્યું. આથી ડૉ. અને મિસિસ પાર્કરે ત્યાં જવાનું નક્કી કર્યું એટલે હડસન એકલો પડયો. તેણે એક અઠવાડિયા સુધી ઘરની શોધ કરી પણ તે તેમાં સફળ થયો નહિ. હવે ડૉ. પાર્કરને લીમ્પા જવાનો સમય નજીક આવી ગયો હતો અને હડસને તેમને મુસાફરીમાં મદદ કરવાનું વચન આપ્યું હતું. એક દિવસ સાંજે હડસન તેમને સારુ હોડીની વ્યવસ્થા કરવા નદીએ જતો હતો ત્યારે એક અજાણ્યા માણસની સાથે તે સંપર્કમાં આવ્યો. તેની સાથેની વાતચીત પરથી જણાયું કે તેની પાસેથી ઘર મળી શકે તેમ છે. આથી હડસન તે ઘર જોવા ગયો અને તે તેને પસંદ પડવાથી તેણે તે રાખી લેવા નિશ્ચય કર્યો. તેને લાગ્યું કે ઈશ્વરે જ મારી પ્રાર્થના સાંભળીને મારે માટે આ કાર્ય કર્યું છે. આથી સપ્ટેમ્બરની ૧૭મી તારીખે હડસન ત્યાં રહેવા ગયો.

અહીં શહેરના કોટની અંદરના ભાગમાં રહીને હડસન સાદામાં સાદું જીવન જીવતો અને પોતાના કાર્યમાં પ્રગતિ કરતો હતો. ત્રણ અઠવાડિયાં પછી તેણે પોતાની મા પર લખ્યું કે મારું

હૃદય આનંદથી ઊભરાઈ જાય છે કેમ કે કુઈ-હુઆ બાપ્તિસ્મા પામનાર છે.

ચીનમાં હડસનના હસ્તે બાપ્તિસ્મા પામીને પ્રથમ ખ્રિસ્તી થનાર કુઈ-હુઆ હતો. કેટલા બધા સમયથી તે પ્રથમ ફળની આશા રાખતો હતો ! હવે તો કુઈ-હુઆ સિવાય બીજા એક બે તેજસ્વી શોધકો પણ હતા.

તેની દૃષ્ટિ હમેશાં સુંગમિંગ ટાપુ તરફ રહેતી હતી કારણ કે ત્યાં લાખો લોકો ખ્રિસ્ત વિનાના હતા. આથી પાનખર ઋતુમાં તે દૂરના ભાગમાં આવેલા સિન-કાઈ-હો નામના ગામમાં જઈને વસ્યો. ઘણી પ્રાર્થનાઓના જવાબરૂપે આ પ્રદેશ તેને મળ્યો હોય એમ લાગ્યું હતું.

હવે તે ચીના લોકો મધ્યે રહેવા આવ્યો હતો. તેણે ત્યાંના લોકોનો પહેરવેશ ધારણ કર્યો અને તેમની રીત પ્રમાણે માથું મુંડાવ્યું. છરીકાંટા અને ચમચા વડાં ખાવાનું મૂકી દઈને ચીનાઓની જેમ સળીઓ વડે ખાવાનું શરૂ કર્યું. તેમના રીતરિવાજો પ્રમાણે તે રહેવા લાગ્યો. ચીની લોકો મધ્યે તે તેમના જેવો થઈને રહેતો. આથી લોકો વિના સંકોચે તેની પાસે આવવા લાગ્યા. પડોશીઓ દરરોજ સભામાં આવતા હતા. મુલકાતીઓ પણ આખો દિવસ ચાલુ રહેતા. દરદીઓ પણ સંખ્યાબંધ આવવા લાગ્યા. પરિણામે સાચા શોધકો મળવા લાગ્યા. તે પૈકી એક લુહાર હતો અને તેનું નામ ચંદ હતું. બીજો એક આગળ પડતો વેપારી હતો અને ઈશ્વરે તેનું હૃદય ખોલ્યું હતું.

પ્રથમ ખ્રિસ્તી થયેલા કુઈ-હુઆ અને બીજો એક નામે સીએન

હડસનના મદદનીશ હતા. તેઓ હડસનની સાથે સવારે, બપોરે અને સાંજે સુવાર્તા પ્રચાર માટે જતા હતા.

હડસનનું કામકાજ સારી રીતે ચાલતું હતું. દરદીઓને નિયમિત તપાસવામાં આવતા હતા. દરરોજ સભાઓ ચલાવવામાં આવતી હતી અને શોધકો શિક્ષણ માટે નિયમિત આવતા હતા. આખા ટાપુ પર હડસનના કાર્યની જાણ થઈ ગઈ હતી. આખો ટાપુ હડસનનું એક કાર્યક્ષેત્ર બની ગયું હતું અને તેથી તે દરેકે દરેક વ્યક્તિની પાસે પહોંચી જવા માગતો હતો.

પોતાની પાસેની દવા વગેરે ખૂટી જવાથી હડસન પોતાના મદદનીશોને જુદું જુદું કામ સોંપીને શાંગહાઈ ગયો. તે એકાદ અઠવાડિયા પછી પાછો આવ્યો. ત્યારે તેના પર આવી પડેલી એક અણધારી આફત વિષે જાણ્યું. તેનું દવાખાનું સારી રીતે ચાલતું હતું અને તે કોઈ દરદી પાસેથી પૈસા લેતો નહિ. હડસનની વિરુદ્ધ બે સ્થાનિક ડોકટરોએ અને ચાર દવાવાળાએ અરજી કરી હતી. બ્રિટિશ સરકારની સત્તાવાળાએ હડસનને કહ્યું કે બ્રિટિશરોના વસવાટ માટે જે સ્થળ મુકરર કરાયેલાં છે ત્યાં તેણે જવું જોઈએ નહિ તો તેણે ભારે દંડ ભરવો પડશે અને તેને સરકારી રક્ષણ મળશે નહિ.

આ મૂંઝવણના સમયમાં જુવાન મિશનરી હડસને પોતાના ભવિષ્યના કાર્ય માટે ઈશ્વરની સહાય માગી.

એ અરસામાં વિલિયમ બર્ન્સ ફર્લો પરથી પાછા ફર્યા હતા. વિલિયમ બર્ન્સને પણ હડસન જેવો જ બોજ હતો. આથી તેઓ હોડીઓમાં રહેવા લાગ્યા અને દિવસ દરમ્યાન દૂર દૂરના પ્રદેશોમાં પહોંચી જઈને સુવાર્તા પ્રગટ કરતા. બંને જણ જુદી જુદી હોડીઓમાં

રહેતા હતા અને દરેકની પાસે એક ચીની સુવાર્તિક અને અન્ય મદદગારો હતા. હોડીમાં દરરોજ ટૂંકી ભજનસેવા પણ ચલાવવામાં આવતી. અમુક અગત્યનાં સ્થળોમાં તેઓ બબ્બે ત્રણ ત્રણ દિવસ રોકાતા અને વહેલી સવારે બીજે સ્થળે જવા નીકળી પડતા. કોઈ કોઈ વાર બંને સાથે જતા તો કોઈ વાર એકલા જતા. શોધકોની સાથે વાતચીત કરવા તેઓને હોડી પર આવવાનું આમંત્રણ આપવામાં આવતું. આ રીતે હડસને સાત મહિના સુધી બર્ન્સ સાથે કામ કર્યું.

□

# ૭ સ્વાટોવ

ઈ.સ. ૧૮૫૬ના ફેબ્રુઆરીના મધ્ય ભાગમાં હડસન અને બર્ન્સ શાંગહાઈમાં ફરી મળ્યા. અત્યારે તેઓ ડૉ. મેડહર્સ્ટની અઠવાડિક સભામાં ભાગ લેવા આવ્યા હતા. આ પ્રસંગે વહાણનો એક ખ્રિસ્તી કપ્તાન ત્યાં હાજર હતો અને તે સ્વાટોવથી વહાણ લઈને તાજેતરમાં આવ્યો હતો.

તેણે કહ્યું કે સ્વાટોવથી પાંચેક માઈલ પર કપ્તાનોએ અને બીજા પરદેશીઓએ જમીન ખરીદીને મકાનો બાંધ્યાં છે. તે સ્થળે તેમ જ સ્વાટોવ શહેરમાં અત્યાર સુધી કોઈએ સુવાર્તા પ્રગટ કરી નથી. કપ્તાન બાવર્સ તે સ્થળેથી આવ્યો હતો અને તેણે આગ્રહ રાખતાં સભા સમક્ષ કહ્યું કે, વેપારીઓ અને બધા દેશોના લોકો ત્યાં રહે છે તો તે મિશનરીઓનું કેન્દ્ર કેમ ના થાય ?

કપ્તાન બાવર્સ બોલતો હતો તે જ વખતે હડસનને તો ઈશ્વરના તેડાની ખાતરી થઈ ચૂકી હતી. આથી એક દિવસે સવારે હડસન અને બર્ન્સ કપ્તાન બાવર્સને ત્યાં ગયા અને તેઓએ તેને જણાવ્યું કે સ્વાટોવ જવા માટે અમારો માર્ગ ખુલ્લો થયેલો જણાય છે. આ સાંભળીને કપ્તાનને ઘણો જ આનંદ થયો અને તે તેમને પોતાના વહાણમાં લઈ જશે એવી બાંહેધરી આપી. આથી તેઓ માર્ચની ૬ઠ્ઠી તારીખે પોતાના નવા કાર્યક્ષેત્ર તરફ જવા નીકળ્યા હડસને પોતાનાં માબાપને લખી જણાવ્યું કે દોરવણી અને

આશીર્વાદ માટે અમે ઈશ્વર તરફ જોઈએ છીએ. આરંભથી તે જ અમારો દોરનાર થયો છે અને હવે પછી પણ તે જ દોરશે.

તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે અન્ય યુરોપિયનોના વસવાટમાં રહેવા માટે સારી વ્યવસ્થા મળી શકે તેમ હતું. પરંતુ તેઓએ ત્યાંના લોકો મધ્યે રહેવાનું પસંદ કર્યું. આખરે તેમને રહેવા માટે એક ઓરડો મળી ગયો. લોકોની મધ્યે રહીને તેમના સંપર્કમાં રહેવું એ તેમને મન મુખ્ય બાબત હતી. અહીં આવ્યા પછી હડસને પોતાની મા પર લખ્યું કે મારે માટે ચિંતા ન કરો પણ પ્રાર્થના કરો.

સ્વાટોવ જોખમકારક તેમ જ મુશ્કેલ ક્ષેત્ર છે. લોકો ઘણા જ કંગાળ, અજ્ઞાન ને નીતિભ્રષ્ટ તથા અધમ છે. અહીં ગુલામોનો ધંધો ચાલે છે. દર મહિને અફીણની ૨૦૦ પેટીઓની નિકાસ થાય છે. વળી છોકરીઓને તથા સ્ત્રીઓને વેચવામાં આવે છે.

લોકો મિશનરીઓ પ્રત્યે વહેમ અને ધિક્કારની દષ્ટિથી જુએ છે. "પરદેશી કૂતરો" કે "પરદેશી ડુક્કર" એવાં નામ તેમને આપે છે. તેમને કોઈપણ વખતે પકડવામાં આવે એવું સતત જોખમ રહે છે. અહીં કાયદો કે વ્યવસ્થા જેવું કંઈ જણાતું નથી. એક વાર એક નાના ગામમાં અમે ઉપદેશ કર્યો તે પછી શું બન્યું ?

પડોશના પ્રદેશમાં રહેતા એક પૈસાદાર માણસને પકડવામાં આવ્યો. તે માણસ પોતાના છુટકારા માટે નાણાં આપી શક્યો નહિ એટલે તેના પર ક્રૂર અત્યાચાર ગુજારવામાં આવ્યો. લાકડાના ડંગોરાથી તેનાં કાંડા ભાગી નાખવામાં આવ્યાં અને પછી તેની પાસે જે કંઈ હતું તે પડાવી લીધું.

હડસને લખ્યું, આવી પરિસ્થિતિમાં ઈશ્વરના રક્ષણ સિવાય અમારી પાસે બીજું કોઈ રક્ષણ નથી.

આવા સંજોગો મધ્યે હડસન ઈશ્વર તરફથી સામર્થ્ય મેળવીને મહિનાઓ સુધી શાંત રીતે સહન કરતાં કરતાં ઈશ્વરનું કામ કરતો રહ્યો.

સ્વાટોવમાં લોકો પરદેશીઓ પ્રત્યે વહેમની દષ્ટિથી જોતા હતા એટલે ત્યાં પ્રભુમંદિર બાંધી શકાયું નહોતું. ત્યાંના લોકો દવાખાના માટે જમીન આપવા તૈયાર હતા. પરદેશી ડૉક્ટર માન્ય વ્યક્તિ ગણાતી હતી, કેમ કે તે સારી દવા આપતો હતો અને તેથી લોકો તેનો બોધ સાંભળવા પણ તૈયાર હતા.

આથી બંને મિત્રોએ સ્વાટોવમાં વૈદકીય કામ શરૂ કરવાનું નક્કી કર્યું. તેઓ તે માટે પ્રાર્થના કરતા રહ્યા, અને હડસન શાંગહાઈ જઈને જરૂરી સાધન સામગ્રી લઈ આવે એવું ઠરાવ્યું.

એ જ સમયે સ્વાટોવનો એક ઉચ્ચ અધિકારી બીમાર પડયો હતો અને સ્થાનિક ડૉક્ટરો તેને તે બીમારીમાંથી ઉગારી શકયા નહોતા. તેના એક મિત્ર તરફથી સાંભળવા મળ્યું કે ચીની પોશાકમાં એક પરદેશી ડૉક્ટર છે અને તે ઘણો હોશિયાર છે. આથી હડસનને બોલાવવામાં આવ્યો. તેની સારવાર ફાયદાકારક નીવડી અને થોડા જ સમયમાં તે સાજો થઈ ગયો. સાજાપણું પામ્યા પછી તરત જ તેણે મિશનરીઓને સ્વાટોવમાં વૈદકીય કાર્ય શરૂ કરવાનો આગ્રહ કર્યો.

એક અંગ્રેજ કપ્તાન હડસનને પોતાના વહાણમાં વિના મૂલ્યે શાંગહાઈ લઈ ગયો.

એ અરસામાં એવું બન્યું કે દક્ષિણ ચીનમાં યુદ્ધ થવાનું

વાતાવરણ જામી ગયું હતું. તે સમયે સ્વાટોવની નજીક બર્ન્સ એક હોડીમાં હતો ત્યારે તેને પકડી લેવામાં આવ્યો અને કેદી તરીકે તેને લઈ જવામાં આવ્યો.

હડસન્ શાંગહાઈ પહોંચ્યો ત્યારે જાણવા મળ્યું કે લંડન મિશનરી સોસાયટીના મકાનમાં આગ લાગી હતી અને હડસને જે વૈદકિય સામગ્રી સાચવવા ત્યાં મૂકી હતી તે નાશ પામી હતી. હવે માત્ર એક જ માર્ગ હતો કે પોતે નિંગ્પો જઈને ડૉ. પાર્કરને મળે અને તેમની પાસેથી જરૂરી સામગ્રી મેળવે.

આથી તે નિંગ્પો જવા નીકળ્યો. પણ માર્ગમાં તેના નોકરે તેને દગો દીધો. હડસનનો સરસામાન લઈને તે ભાગી ગયો. હડસન એમ વિચારવા લાગ્યો કે અમે બંને એકબીજાથી વિખૂટા પડી ગયા છીએ અને તેથી તે તેની શોધમાં ગયો. એક રાત તો તેણે અગવડભરી ધર્મશાળામાં ગાળી. બીજે દિવસે તેને કોઈ ઠેકાણે રહેવાનું મળ્યું નહિ, તેનો પગ છોલાઈ ગયો હતો. તે ઘણો નિર્ગત થઈ ગયો હતો એટલે એવો ને એવો જ તે એક મંદિરના પગથિયે પડી રહ્યો. તે સમય રાતના એક વાગ્યા પછીનો હતો.

તેને એક જુવાન માણસે જગાડયો જે ધમકી આપીને તેની પાસે પૈસા માગતો હતો.

આખરે તે નદીએ ગયો અને શાંગહાઈ જનારી હોડીની તપાસ કરી, પરંતુ તેમાં તે નિષ્ફળ ગયો.

હવે તો તે તદ્દન નિરાશ થઈ ગયો હતો અને શરીર પણ અતિ નિર્ગત થઈ ગયેલું હોવાથી તે નીચે ઘાસમાં બેભાન થઈને પડયો.

થોડી વાર પછી જ્યારે તેને થોડુંક ભાન આવ્યું ત્યારે તેણે

સામે કાંઠેથી શાંગહાઈ ભાષામાં લોકોને વાત કરતા સાંભળ્યા. હડસન કોઈની મદદથી તેમની પાસે ગયો અને તેણે પોતાની વિગત તેમને જણાવી એટલે તેઓમાં તેના પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થઈ. હોડીઓની વ્યવસ્થા કરનાર કપ્તાને તેને શાંગહાઈ મોકલવાની વ્યવસ્થા કરી. તેનું નૂર ભરવાની બાંહેધરી પણ તેણે આપી. આ રીતે તે શાંગહાઈ પહોંચી ગયો.

હડસન શાંગહાઈમાં ત્રણ અઠવાડિયાં રહ્યો તે દરમ્યાન તે સુવાર્તા પ્રગટ કરવા જતો હતો. ત્યાર પછી તે નિંગ્પો ગયો અને તેણે પોતાની તમામ વિગતો ડૉ. પાર્કરને જણાવી. હવે નિંગ્પોથી નીકળવાની તે તૈયારી કરતો હતો એવામાં સમાચાર આવ્યા કે બર્ન્સને પકડવામાં આવ્યો છે. આથી હડસનને હાલ પૂરતું નિંગ્પોમાં જ રહેવું પડયું.

□

# ૮ એબેન એઝેર

હડસન નિંગ્યોમાં હતો ત્યારે તેણે સાંભળ્યું કે ઈંગ્લૅંડ અને ચીન વચ્ચે લડાઈ ફાટી નીકળી છે. આવે સમયે તે પોતે સ્વાટોવમાં નહોતો એમાં ઈશ્વરની કેટલી બધી કૃપા દેખાય છે !

શહેરના દક્ષિણ ભાગમાં પ્રાચીન પેગોડાની નજીક આવેલાં બે સરોવરની વચ્ચે આવેલો વસવાટ બ્રીજ સ્ટ્રીટ તરીકે ઓળખાતો હતો. ત્યાં ડૉ. પાર્કરે એક ડિસ્પેન્સરી ખોલી હતી જે તેના હોસ્પિટલથી એકાદ બે માઈલ દૂર હતી.

"ચીન માટેની સુવાર્તાપ્રચારક સોસાયટી"ના આશરા હેઠળ મિ. એન્ડ મિસિસ જે. જોન્સ અત્રે કામ કરતાં હતાં. મિસ આલ્ડર્સ એક કન્યાશાળા ચલાવતાં હતા. ચીનમાં એ સૌથી પહેલી કન્યાશાળા હતી. તેમાં મદદગાર તરીકે કામ કરવા ચીનમાં ભૂતપૂર્વ મિશનરી રેવ. સેમ્યુલ ડાયરની બે દીકરીઓને રાખવામાં આવી હતી. મિ. એન્ડ મિસિસ જોન્સનનું કુટુંબ શાળાની નજીક રહેવા આવ્યું ત્યારે નાની બહેન તે કુટુંબના કામકાજમાં મદદ કરવા વારંવાર જતી હતી. આ નાની દીકરીનું નામ મારિયા હતું. જ્યારે તેઓ નજીકમાં રહેતા લોકોની મુલાકાતે જતાં ત્યારે મારિયા પણ તેઓની સાથે જતી હતી. મારિયા છૂટથી ભાષા બોલી શકતી હતી તેથી તેમને ઘણો આનંદ થતો હતો. મારિયા જુવાન હતી અને તેને હજી વીસ વર્ષ પણ થયાં નહોતાં.

મારિયા શાળાની ફરજો બજાવવામાં મોટે ભાગે રોકાયેલી રહેતી હતી. તેમ છતાં તે તેજસ્વી અને શક્તિશાળી હતી. વળી તે ખ્રિસ્તને માટે આત્માઓ જીતનારી હતી. તેને મન મિશનરી કાર્ય એ માત્ર શિક્ષણ આપવા પૂરતું નહોતું પણ લોકોને ખ્રિસ્તની પાસે લાવવામાં હતું.

આને કારણે હડસન તેનામાં રસ લેવા લાગ્યો અને પોતાના મિત્રોના ઘરમાં અવારનવાર તેને મળતો રહ્યો અને પરિણામે તેઓ વચ્ચે મૈત્રી બંધાઈ. મારિયા બાળપણથી જ એકલવાયું જીવન જીવતી હતી. તેના પિતાનું તેને સ્મરણ નહોતું અને તે દસ વર્ષની હતી ત્યારે તેની મા ગુજરી ગઈ હતી. મારિયા પણ હડસનમાં રસ લેતી થઈ કેમ કે બંનેની વિચારસરણી સરખી હતી. તેઓએ પોતાની આખી બાબત ઈશ્વરની આગળ રજૂ કરી અને ચોક્કસ દોરવણી પામ્યા પછી તેઓએ લગ્નગ્રંથિથી જોડાવાનો નિશ્ચય કર્યો. આથી સને ૧૮૫૮ના જાન્યુઆરીની ૧૬મી તારીખે તેમની સગાઈ કરવામાં આવી. ત્યાર પછી જાન્યુઆરીની ૨૦મી તારીખે તેમનું લગ્ન ઘણી જ સાદાઈથી કરવામાં આવ્યું. મારિયાએ સાદો ભૂખરા રંગનો રેશમી ગાઉન પહેર્યો હતો અને હડસને ચીની પોશાક પહેર્યો હતો.

□

# ૯ ફસલનો આનંદ

હવે હડસન બ્રિજ સ્ટ્રીટમાં આવેલા એક નાના ઘરમાં રહેવા લાગ્યો. ઘરની નીચેના ભાગમાં ચેપલ અને ઉતારું માટે ઓરડો હતો. ત્યાં ખ્રિસ્તીઓ અને શોધકો મુલાકાત માટે મુક્ત રીતે આવી શકતા હતા. મિસિસ હડસન આજુબાજુના લોકોની અવારનવાર મુલાકાત લેતાં હતાં.

ટૂંક સમયમાં આ કુટુંબે ઘણા મિત્રો બનાવ્યા હતા. તેઓમાં નાઈ નામનો એક બૌદ્ધમાર્ગી હતો જે તેમનો ખાસ મદદગાર હતો. તે માણસ શહેરમાં રૂનો વેપારી હતો. આ માણસ લાંબા સમયથી નિંગ્યો શહેરમાં રહેતો હતો પણ તેણે કદી સુવાર્તા સાંભળી નહોતી. તે ઘણો ધાર્મિક હતો. મૂર્તિપૂજા પાછળ તેણે ઘણો સમય અને નાણાં ખરચી નાખ્યાં હતાં પણ હૃદયમાં તેને શાંતિ નહોતી. એક વાર તે રસ્તા પર ચાલતો ચાલતો જતો હતો, ત્યારે તેણે ઘંટનો અવાજ સાંભળ્યો અને ઘણા લોકોને એક હોલમાં જતાં જોયાં ત્યાં કોઈ ધાર્મિક ચર્ચા કે પ્રવચન થવાનાં હશે એમ ધારીને તે પણ અંદર ગયો. ત્યાં તેણે એક પરદેશી જુવાનને ચીની પોશાકમાં ભાષણ કરતો જોયો. તે ચીની ભાષામાં છૂટથી બોલતો હતો અને તેથી નાઈ બધું સારી રીતે સમજી શકતો હતો. ઉપદેશ પૂરો થયો ત્યારે નાઈ પોતાની જગાએ ઊભો થયો અને આ પ્રમાણે બોલ્યો "હું લાંબા સમયથી સત્યની શોધમાં હતો. મેં ઘણી

મુસાફરી કરી પણ હું તે કદી પામી શક્યો નહિ. કોન્ફુસિયન, બૌદ્ધ અને તાઓ વગેરે ધર્મમાં મને શાંતિ મળી નહિ, પણ આજ રાત્રે આપણે જે સાંભળ્યું તેનાથી મને શાંતિ મળી છે. આજથી હું ઈસુમાં માનનારો થયો છું."

નાઈ બાઈબલનો ખંતીલો અભ્યાસી બની ગયો અને જ્ઞાનમાં તથા કૃપામાં વધતો ગયો. તેના બદલાણ પછી થોડા સમયમાં તેને બોધ કરવાની રજા આપવામાં આવી. હડસન તેની સાથે જતો હતો એટલે તેને માલૂમ પડયું કે તે સ્પષ્ટ તથા અસરકારક રીતે સુવાર્તા પ્રગટ કરતો હતો.

નાઈની મારફતે નેંગ-કુઈને ખ્રિસ્તની પાસે લાવવામાં આવ્યો. નેંગ-કુઈ ટોપલીઓ બનાવનાર હતો. નેંગ-કુઈ પણ સુવાર્તાનો અસરકારક ઉપદેશક હતો. ખ્રિસ્તને માટે આત્માઓ જીતવામાં તેનો ઘણો ઉપયોગ થયો હતો. પાછલા વર્ષોમાં નાની નાની મંડળીઓ સ્થાપવામાં તે સફળ થયો હતો. તે હમેશાં નવાં નવાં ક્ષેત્રોમાં જવાને તૈયાર રહેતો. નાઈ અને નેંગ-કુઈ પોતાનાથી બને તેટલો સમય સુવાર્તા પ્રચાર માટે આપતા હતા.

થોડા જ સમયમાં વેંગ જે હોસી ગામનો એક ખેડૂત હતો તે અને સીયુ જે શિક્ષક હતો તેઓ ખ્રિસ્તની પાસે આવ્યા.

આ બધા ગરીબ અને ઓછું ભણેલા હતા તોપણ તેઓ "માણસો પકડનારા" બનાવતા હતા.

પોતાના ધંધા રોજગારમાં તેઓને વેઠવું પડે તોપણ રવિવારે સવારે, બપોરે, અને રાત્રે તેઓ ભજનસેવામાં હાજર રહેતા હતા. તેઓનું વિશ્વાસપણું અન્યને માટે નમૂનારૂપ હતું.

□

## ૧૦ છૂપાં વર્ષો

હડસનને ચીનમાં આવ્યાને હવે છ વર્ષ થયાં છે. આ છ વર્ષના ગાળામાં તેણે અનેક પ્રકારની અગવડો વેઠીને, ખ્રિસ્તની સેવા ચાલુ જ રાખી. સુવાર્તા પ્રચારાર્થે જે સાહસિક મુસાફરીઓ તેણે કરી તેમ જ માંદાઓની જે સારવાર કરી તે વિષે આપણે જાણીએ છીએ. ચીનમાં લાખો લોકો જે નાશમાં જાય છે તેઓને સુવાર્તા પહોંચાડવાનો બોજ હમેશાં તેના હૃદયમાં રહ્યા કરતો. તેણે કરેલા સર્વ પરિશ્રમની અસર તેના શરીરની તંદુરસ્તી પર પડવા લાગી હતી.

એવામાં ફેબ્રુઆરીની ૯મી તારીખે તેની ધર્મપત્ની મરણતોલ માંદગીમાં સપડાઈ ગઈ. મૃત્યુને આરે આવી પડેલી પત્નીના બિછાના પાસે ઈશ્વર સમક્ષ તે ઘૂંટણીએ પડયો. વૈદકીય તમામ ઉપચારો નિષ્ફળ ગયા હતા. શહેરમાં તેને માટે સંયુક્ત રીતે પ્રાર્થના કરવામાં આવતી હતી. તે પોતે ઈશ્વરની આગળ ભાંગી પડયો હતો. તેને કેવળ ઈશ્વર પરનો વિશ્વાસ એ જ તેનો એકમાત્ર ઉપાય હતો. તેને ઈશ્વરનું વચન યાદ આવ્યું - “સંકટને સમયે મને વિનંતી કર, હું તને છોડાવીશ અને તું મારો મહિમા પ્રગટ કરશે.” તેને આધારે તે ઈશ્વરને આજીજી કરવા લાગ્યો અને તેના હૃદયમાં અવર્ણનીય શાંતિ અને આનંદ આવ્યાં. મહાન વૈદ પોતે ત્યાં હાજર થયા, તેમની હાજરીએ મરણને ધમકાવ્યું અને મહાન વૈદના સ્પર્શે એકદમ સાજાપણું આવ્યું.

વિશ્વાસપૂર્વક કરેલી પ્રાર્થનાના જવાબમાં ઈશ્વર પોતાના લોકોને માટે જે કરી શકે છે તેનો અનેરો અનુભવ હડસનને થયો હતો. આવા અનુભવ દ્વારા તેને ભવિષ્યમાં આવનાર કટોકટીના સમયોને પહોંચી વળવા બળ મળ્યું છે.

ઈશ્વરની કૃપાનો આ અનુભવ તે કદી વીસરી ગયો નહિ અને તેથી જ્યારે જુલાઈની ૩૧મી તારીખે તેમને ત્યાં દીકરીનો જન્મ થયો ત્યારે તેનું નામ ગ્રેસ પાડયું.

છ મહિના પછી એક દુઃખદ બનાવ બન્યો. ઓગષ્ટની ૨૬મી તારીખે ડૉ. પાર્કરની પત્ની એકાએક ભયંકર માંદગીમાં સપડાઈ ગઈ અને તે દિવસે મધરાતે તે અવસાન પામી. ચાર નાના બાળકો મા વિહોણા બની ગયાં, તે પૈકી એક તો ગંભીર માંદગી ભોગવી રહ્યું હતું. હવે ડૉ. પાર્કરે પોતાના કુટુંબને લઈને સ્કોટલાંડ જવાનું નક્કી કર્યું.

હવે ડૉ. પાર્કરના વૈદકીય કામનું શું ? હોસ્પિટલ તો દરદીઓથી ભરેલું હતું અને ડિસ્પેન્સરીમાં લોકો આવ્યા જ કરતા હતા. આથી હડસનને તે જવાબદારી સોંપવામાં આવી. આ જવાબદારી અંગે સ્પષ્ટ દોરવણી મેળવવા હડસન અને તેના મદદગારો ઈશ્વર સમક્ષ ઘૂંટણીએ પડયા.

હડસને પ્રથમ પગલું એ ભર્યું કે, હોસ્પિટલના તમામ કર્મચારીઓને એકત્ર કરીને તેમને ચાલુ પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો અને જણાવ્યું કે ચાલુ મહિનાના ખર્ચ માટે આપણી પાસે પૂરતાં નાણાં છે, પણ આવતા મહિના માટે આપણે ઈશ્વરની સહાય માગવી પડશે; કારણ કે ઠરાવેલા પગાર પ્રમાણે આપી શકાશે નહિ. આવા સંજોગોમાં જો કોઈને નોકરી માટે બહાર જવું હોય

તો તેને જવાની છૂટ છે, પરંતુ જે કોઈને ઈશ્વર પર ભરોસો રાખીને રહેવું હોય તો તે અહીં ચાલુ રહી શકે છે.

આથી જે ખરા ખ્રિસ્તી નહોતા તેઓ અહીંથી ચાલ્યા ગયા. આવે સમયે બ્રિજ સ્ટ્રીટમાં જે ખ્રિસ્તીઓ રહેતા હતા તેઓ અમારી મદદે આવ્યા. હોસ્પિટલમાં એક જણ એક કામ કરે તો બીજો બીજું કામ કરે. કેટલાક તો પોતાનો ફાલતુ સમય પણ આપતા. મિસિસ હડસન સ્ત્રી દરદીઓની મુલાકાત લેતા.

ખ્રિસ્તીઓ વોર્ડમાં સમજણપૂર્વક કામ કરતા હતા અને પોતાના ફાલતુ સમયમાં તેઓ પોતાના તારનાર સંબંધી વાત કરતા.

આ બારીક સમયે હડસન પોતાના થોડાક મદદગારો સાથે પ્રાર્થનામાં રોકાયેલો રહેતો અને જવાબની રાહ જોતો હતો.

એક દિવસ સવારમાં કુઈ-હુઆ નામનો રસોઈઓ આવીને કહેવા લાગ્યો કે ચોખાનો છેલ્લામાં છેલ્લો કોથળો ખોલવામાં આવ્યો છે અને તે જલદી ખલાસ થઈ જશે.

ત્યારે હડસને જણાવ્યું કે આપણને મદદ કરવાનો ઈશ્વરનો સમય હવે પાસે છે અને એ વાત ખરી પણ પડી. ચોખાનો એક કોથળો ખલાસ થઈ જાય તે પહેલાં હડસન પર મિ. બર્ગર તરફથી એક પત્ર આવ્યો અને તે સાથે પચાસ પાઉન્ડનો એક ચેક પણ હતો.

હડસન પોતાની તમામ ગરજોને માટે ઈશ્વર પર આધાર રાખતો હતો. નિંગ્પો હોસ્પિટલમાં કામ કરતાં કરતાં તેને પ્રાર્થનાઓના ત્રણ પ્રકારના પ્રત્યુત્તરો મળ્યા હતા. ભયંકર માંદગી વખતે જ્યારે કોઈ પણ જાતની આશા નહોતી એવે વખતે જીવન

મળ્યું છે. દરદીની ગંભીર સ્થિતિમાં ઓપરેશનો સફળ થયાં છે. વળી લાંબા સમયની અને આશાહિન બીમારીમાંથી લોકોને સાજાપણું મળ્યું છે. આ ઉપરાંત શ્રેષ્ઠ બાબત તો એ હતી કે મૃત આત્માઓને ઈસુ ખ્રિસ્તમાં જીવન પ્રાપ્ત થયું હતું અને નવ મહિનામાં સોળ જણને બાપ્તિસ્મા આપવામાં આવ્યું હતું અને ત્રીસ કરતાં વધારે ઉમેદવારો હતા.

હડસનની શારીરિક શક્તિ ઓછી થતી જતી હતી કારણ કે તેને ફેફસાંનો ક્ષય લાગુ પડયો હતો. જો જીવ બચાવવો હોય તો તેણે ઈંગ્લૅંડ જવું જોઈએ. આથી જૂન મહિનામાં તે ઈંગ્લૅંડ જવા નીકળ્યો. મુસાફરીમાં મદદરૂપ થવા માટે વેંગ પણ તેની સાથે જવા તૈયાર થયો. તેણે પોતાની પત્નીને અને બાળકને પોતાના પિતાને ત્યાં મૂક્યાં.

લંડનના પૂર્વે છેડે તેના જૂના દવાખાનાની નજીક હડસન રહેવા લાગ્યો. તેની તંદુરસ્તી સુધરી એટલે તેણે વૈદકીય અભ્યાસ ચાલુ કર્યો.

હડસને નિંગ્યો ભાષાના નવા કરારને સુધારવાનું કામ માથે લીધું હતું. તે માટે તેણે જે શ્રમ કર્યો તેનો ખ્યાલ નીચેની વિગત પરથી આવે છે.

| | | | |
|---|---|---|---|
| એપ્રિલ | ૨૭મી | રિવિઝન | સાત કલાક |
| ” | ૨૮મી | ” | સાડા નવ કલાક |
| ” | ૨૯મી | ” | અગિયાર કલાક |
| ” | ૩૦મી | ” | સાડા પાંચ કલાક |
| મે | ૧લી | ” | સાડા આઠ કલાક |

| | | | |
|---|---|---|---|
| મે | ૨જી | રિવિઝન | તેર કલાક |
| ” | ૪થી | ” | ચાર કલાક |
| ” | ૫મી | ” | સાડા અગિયાર કલાક |
| ” | ૬ઠ્ઠી | ” | સાત કલાક |
| ” | ૭મી | ” | સાડા નવ કલાક |
| ” | ૮મી | ” | સાડા દસ કલાક |
| ” | ૯મી | ” | તેર કલાક |

ઓક્ટોબર પાંચમી, સોમવાર-અમારાં નાણાં લગભગ બધાં વપરાઈ ગયાં છે. વિશ્વાસમાં પૈસા ભર્યા છે. રિવિઝન સાત કલાક ઓક્ટોબર ૯મી. તમામ પૈસા વપરાઈ ગયા છે. હે પ્રભુ, અમારી આશા તારામાં છે. રિવિઝન-સાડા છ કલાક.

| | | | |
|---|---|---|---|
| ઓક્ટોબર | ૧૦મી | રિવિઝન | સાડા નવ કલાક |
| ઓક્ટોબર | ૧૭મી | રિવિઝન | સાડા સાત કલાક |

પરંતુ હડસનના મનમાંથી ચીન અંગેના વિચારો ખસતા જ નહોતા. ચીનની અંદરના ભાગમાં આવેલા દૂર દૂરના ભાગોમાં શી રીતે સુવાર્તા પહોંચાડવી એ જ વાત તેના મનમાં આવ્યા કરતી. આથી તે તેને માટે આગ્રહપૂર્વક પ્રાર્થના કરતો હતો.

તેના અભ્યાસખંડમાં દીવાલ પર ચીન દેશનો મોટો નકશો લટકાવેલો હતો અને તેના ટેબલ પર ઉઘાડેલું બાઈબલ હતું. તે ઈશ્વરના વચનો વાંચતો જાય અને સામેના નકશા પર નજર નાખતો જાય. નકશામાં દર્શાવેલા ૧૧ પ્રાંતોમાં જે ૩૮ કરોડ લોકો વસેલા છે તેમને સુવાર્તા પ્રગટ કરવા માટે એક પણ મિશનરી

નથી. તે વિષે તે વિચાર કરતો હતો. અરે, શું આ લોકોને માટે કોઈ જવા તૈયાર નથી !

આથી પોતાનું બીજું બધું કામ પડતું મૂકીને હડસન પોતાના સાથીઓ સાથે ઈશ્વરની સમક્ષ સંયુક્ત રીતે પોતાનું હૃદય રેડવા લાગ્યો.

વળી તેઓએ કેટલીક મોટી મિશનરી સોસાયટીઓના પ્રતિનિધિઓની મુલાકાત લીધી અને આ બાબત તરફ તેમનું ધ્યાન દોરવામાં આવ્યું.

વળી, હડસને લેખો લખીને, ચોપાનિયાં પ્રગટ કરીને તથા અનેક સભાઓમાં પ્રવચનો કરીને ચીનની જરૂરિયાતો જણાવી હતી.

સને ૧૮૬૫ના જૂન માસની ૨૫મીના રવિવારે બ્રાઈટનની સભામાં હડસને એવી પ્રાર્થના કરી કે ચીન માટે ૨૪ મિશનરીઓ મળે. લોકોમાં જાગૃતિ જણાતી હતી અને તેને પરિણામે "ચાઈના ઈન્લેન્ડ મિશન"ની સ્થાપના કરવામાં આવી. તા. ૨૭મીએ હડસન અને મિ. પીઅર્સ બેન્કમાં ગયા અને "ચાઈના ઈન્લેન્ડ મિશન"ને નામે દસ પાઉન્ડ ભરીને ખાતું ખોલાવ્યું.

ડિસેમ્બરની છેલ્લી તારીખ પ્રાર્થના અને ઉપવાસ માટે અલગ કરવામાં આવી. હડસને કરેલી પ્રાર્થનાનો ઈશ્વરે જવાબ આપ્યો અને અગિયાર મહિના પછી ૨૪ પૈકી ૧૬ જણને લઈને હડસન ૧૮૬૬ના મે મહિનાની ૨૬મી તારીખે લંડનથી ચીન જવા ઉપડયો અને ૪ મહિના પછી સપ્ટેમ્બરની આખરે તે શાંગહાઈ પહોંચ્યો.

સદરહુ મિશનરીઓને પગારની કોઈ બાંહેધરી આપવામાં

આવી નહોતી. હડસનની માફક દરેકે ઈશ્વરનાં વચનો પર આધાર રાખવાનો હતો.

મુસાફરી દરમ્યાન હડસને સુવાર્તિક કાર્ય કર્યું અને ઉતારુઓમાંથી ૨૦ કરતાં વધારે ઉતારુઓએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હતો.

□

## ૧૧ મારી સમક્ષતા તારી સાથે આવશે

વહાણના ખલાસીઓએ આનંદ સાથે વહાણ હંકારવાનું શરૂ કર્યું કારણ કે તેમને મદદરૂપ થાય એવા અનેક માણસો વહાણમાં હતા. વહાણમાં ડૉક્ટર ગેરહાજર હોવાથી હડસનની વૈદકીય સેવા કીમતી થઈ પડી હતી. વળી હડસને લોકોની સમક્ષ આંખ વિષે, લોહીના ભ્રમણ વિષે તથા ઈજા પામેલાઓને કેવી રીતે સારવાર આપવી એ સંબંધી સારાં પ્રવચનો પણ કર્યા.

વહાણ પરના ઉતારુઓ ઘણા ખુશ જણાતા હતા. કેટલાક તો હારમોનિયમ જેવાં પોતાનાં વાજિંત્રો સાથે હૃદયના ઉમળકાથી ખ્રિસ્તી ગીતો ગાતા હતા. બબ્બે કે ત્રણ ત્રણ જણ કેબીનમાં બેસીને કે તુતક ઉપર જઈને સવારે, બપોરે તેમ જ રાત્રે ગીતો લલકારતા હતા. કોઈ કોઈ વાર તો મોટા સમૂહમાં પણ તેઓ ગાતા હતા. તેઓ કદી થાકેલા જણાતા નહોતા. “ઈસુ મુજ આત્માના વાલ”એ ગીત લોકોને બહુ પ્રિય થઈ પડયું હતું અને તેની સારી અસર થઈ હતી. આને આધારે એક પછી એક બદલાણ થવા લાગ્યાં.

વહાણનો બીજા નંબરનો એક અમલદાર હતો તેને પ્લીમથથી નીકળ્યાને ૨૫ દિવસ થયા હતા. અમારી પ્રાર્થનાના જવાબમાં તેનું બદલાણ થયું અને તેથી અમને ઘણું ઉત્તેજન મળ્યું. તે પછી વહાણ પરના બીજા બે અમલદારોનાં બદલાણ થયાં. આ તો

ઉતારુઓમાં આવેલી જાગૃતિની શરૂઆત હતી. અમુક સમય સુધી એ પ્રમાણે ચાલ્યું અને મિશનરીઓને ઘણો જ આનંદ થયો.

ત્યાર બાદ મિ. બ્રુન્ટનનું બદલાણ થયું. આ સંબંધી હડસને પોતાની ડાયરીમાં ઓગસ્ટની ૩જી તારીખે નોંધ કરી - "મિ. બ્રુન્ટનના બદલાણ માટે ખાસ પ્રાર્થનાસભા રાખવામાં આવી હતી."

આ ખબર વહાણમાં ફેલાઈ ગઈ અને બીજા દિવસે શું બન્યું ? આ અમલદારે પોતાના હાથ નીચેના માણસોને એકત્ર કર્યા અને ઈશ્વરે મારા આત્માનો કેવી રીતે બચાવ કર્યો હતો તે વિષેની પોતે સાક્ષી આપી અને જે કેટલાક ઉતારુઓ પોતે નિર્ણય કરવામાં ઢચુપચુ હતા તેઓએ નિર્ણય કર્યો.

તે પછી શેતાન પણ કામે લાગી ગયો અને તેને કારણે અમુક સમય સુધી શિથિલતા આવી ગઈ. વાયુની સત્તાના અધિકારીએ અમને કસોટીમાં લાવી મૂકયા. સમુદ્રમાં ભારે તોફાન આવ્યું. લાગલગાટ પંદર દિવસ સુધી રાતદહાડો તે તોફાન ચાલુ રહ્યું. આવે સમયે ઉતારુઓ ઘણા ગભરાઈ ગયા. કપ્તાને દરેકને પોતાના જીવન સંરક્ષણ પટા પણ પહેરી લેવા જણાવ્યું. પરંતુ હડસન શાંત અને ઘણો સ્વસ્થ હતો. તેણે કહ્યું, "ઈશ્વરમાં મારો વિશ્વાસ છે અને તે આપણને સહિસલામત લઈ જશે." અને બન્યું પણ એમ જ.

તોફાન બંધ પડયા પછી પાંચેક દિવસમાં તેઓ ચીનના કિનારે આવી પહોંચ્યા.

આ વહાણની પાછળ બીજું પણ એક વહાણ આવતું હતું. તેને પણ તોફાન નડયું હતું અને તે વહાણને ઘણું નુકસાન થયું

હતું અને વહાણના ૨૨ માણસોમાંથી ૧૬ જણનો નાશ થયો હતો.

ઈશ્વરે અમારો જે અજાયબ રીતે બચાવ કર્યો હતો તે માટે અમે આભારસ્તુતિ કરી.

વહાણ ચીનના પ્રખ્યાત શહેર હેંગ્યો આવી પહોંચ્યું. મિશનરીઓ ક્યાં જવાનાં છે અને કયે સ્થળે રહેવાનાં છે તેની તેમને ખબર નહોતી. પણ ઈશ્વર તેમની અગાઉ ગયો હતો અને રહેવાની વ્યવસ્થા પણ તેણે કરી હતી.

□

## ૧૨ તમારી સરહદ લંબાવો

હેંગ્યો શહેરમાં તેઓને એક મોટું મજબૂત મકાન મળી આવ્યું. આ મકાન કોઈ એક ઉચ્ચ અધિકારીનું હતું અને તે શહેરના કોટની નજીક તેમ જ બજારની પાસે આવેલાં શાંત સ્થળે હતું. આ મકાનમાં આવ્યા પછી પહેલા જ રવિવારે હડસન ઉપદેશ કરવા નજીકના ગામમાં ગયો. તેને મદદ કરવા માટે બે માણસો નિંગ્યોથી આવ્યા હતા અને તેઓ પણ તેની સાથે ગયા. તેઓએ ત્યાં બે દિવસ રહીને સુવાર્તા પ્રગટ કરી.

આ ઘરમાં વસવાટ કર્યો ને હજી પૂરું એક અઠવાડિયું પણ થયું નહોતું એવામાં એક સ્ત્રીને સુવાર્તામાં રસ પડવા લાગ્યો અને આ રીતે અહીંયાં કામની શરૂઆત થઈ. નાતાલ સુધીમાં તો રવિવારની ભજનસેવામાં ૫૦-૬૦ની હાજરી રહેવા લાગી.

૧૮૬૭ના ફેબ્રુઆરીમાં ચીનનું નવું વર્ષ આવ્યું. આ સમયે સુવાર્તા પ્રચાર માટે સારી તક હોય છે. તે વખતે દવાખાનું ખોલવામાં આવ્યું અને હડસન પાસે દિવસના ૨૦૦ જેટલાં દરદીઓ આવતા. વળી રવિવારની ભજનસેવામાં પણ એટલી હાજરી રહેતી. થોડા સમયમાં જોન મેકાર્થી પણ હડસનની સાથે વૈદકીય સેવામાં મુખ્ય મદદનીશ તરીકે જોડાયો.

હાડમારી અને મુશ્કેલીઓ મધ્યે આત્માઓ જીતવાનું કાર્ય ચાલુ જ રહ્યું અને મે મહિનાથી બાપ્તિસ્મા આપવાનું શરૂ થઈ

ગયું. મંડળીની સ્થાપના કરવામાં આવી અને તેમાં ૧૫૦૦ કરતાં વધારે સભ્યો હતા.

ઑગસ્ટ મહિનામાં હડસનના કુટુંબમાં એક દુઃખદ બનાવ બન્યો. નિંગ્યોમાં જે દીકરીનો જન્મ થયો હતો તે હવે આઠ વર્ષની થઈ હતી. વહાણમાં તે અમારી સાથે હતી ત્યારે ખલાસીઓની સાથે તેણે પણ પ્રભુ ઈસુનો પોતાના તારનાર તરીકે સ્વીકાર કર્યો હતો. તેનાં માબાપને તથા અન્ય લોકોને તે બહુ વહાલી હતી. આ વહાલી દીકરી ગ્રેસી સને ૧૮૬૭ના ઓગસ્ટની ૨૩મી તારીખે ગુજરી ગઈ અને તેથી હડસન તથા મિસિસ હડસન શોકમાં આવી પડયાં. પરંતુ અજાયબ જેવી બાબત તો એ છે કે આવા દુઃખના સમયમાં તેઓએ ચીનના દૂર દૂરના ભાગોમાં સુવાર્તા લઈ જવા માટે બંને જણે નવેસરથી પોતાનું સ્વાર્પણ કર્યું અને ચાલુ વર્ષ પૂરું થાય તે પહેલાં તો તેઓએ ચેકિયાંગ પ્રાંતનાં તમામ શહેરોની મુલાકાત કરી નાખી.

તે દિવસોમાં જાનના જોખમે મિશન કેન્દ્ર ખોલવામાં આવતું. તોપણ એવા સંજોગોમાં ખ્રિસ્તના સૈનિકોએ પોતાનું કાર્ય ચાલુ રાખ્યું. કેમ કે, આત્માઓ જીતવાનો બોજ તેમના હૃદયમાં રહ્યા કરતો હતો.

નાની ગ્રેસી મરણશય્યા પર હતી તે સમયે જ્યોર્જ ડન્કાન જે સુવાર્તિક મુસાફરીઓમાં હડસનનો મુખ્ય સાથી હતો તે ત્યાં બેઠો હતો. તેના હૃદય પર ચીનના પાટનગર નાનકિંગનો બોજો રહ્યા કરતો કેમ કે એ મોટા શહેરમાં કદી સુવાર્તા પ્રગટ કરવામાં આવી નહોતી.

આથી પાનખર ઋતુમાં તે એકલો નાનકિંગ જવા ચાલી

નીકળ્યો. ત્યાં કોઈએ તેનો ભાવ પૂછયો નહિ. રહેવાનું સ્થળ શોધી કાઢવા માટે તે પોતાના એક ચીની મદદગાર સાથે બધે ફરી વળ્યો પણ કોઈ ઠેકાણે આશરો મળી શક્યો નહિ. પરદેશી માણસના આગમનના સમાચાર સાંભળતાં જ સરકારી ખાતાના અધિકારીએ એવો હુકમ બહાર પાડયો હતો કે કોઈ હોટલમાં કે ધર્મશાળામાં તેને ઉતારો આપવો નહિ.

આથી આખરે તેને એક ટાવરની અગાસી નીચે રાત્રે પડી રહેવાનું મળ્યું, પણ સવાર થતાં જ તેણે પોતાનું બિછાનું વાળી લઈને બહાર નીકળી જવાનું હતું.

આ ઊંચો અને કદાવર માણસ આખો વખત શેરીઓમાં ફરતો હતો એટલે લોકો તેને ઓળખતા થયા હતા. આખરે એક સુથારે હિંમત કરીને તેને પોતાને ત્યાં આશરો આપ્યો. આ રીતે આ મોટા શહેરમાં મિશનરી કાર્યની શરૂઆત થઈ. પાછળથી ત્યાં ચીનની એ મોટામાં મોટી મંડળી હસ્તિમાં આવી.

હેંગ્યોમાં પણ ઈશ્વર કાર્ય કરી રહ્યા હતા. જુલાઈમાં ત્યાં ૧૯ સભ્યોની એક નાની મંડળીની શરૂઆત થઈ ચૂકી હતી અને તે ઝડપથી વૃદ્ધિ પામતી હતી અને વેંગ તેના પાળક તરીકે સેવા બજાવતો હતો.

વર્ષનો છેલ્લો દિવસ ઉપવાસ અને પ્રાર્થના માટે અલગ કરવામાં આવ્યો હતો.

□

# ૧૩ હુલ્લડ

યોંગ્ચોમાં હડસનનું કુટુંબ અને એમીલી બ્લાટચ્લે રહેતાં હતાં. લોકો મિશનરીઓ પ્રત્યે સારો વર્તાવ રાખે નહિ એવી હવા ફેલાવવામાં આવી હતી. તેઓએ એક સભા ભરી અને પરદેશીઓનો વિરોધ કરવા ઠરાવ કર્યો. આથી પરદેશીઓની વિરુદ્ધ અને ખાસ કરીને જેઓ ઈસુ ધર્મનો પ્રચાર કરે છે તેમની વિરુદ્ધ નનામા ચોપાનિયાં બહાર પાડયા.

ઓગસ્ટ મહિનાના આરંભમાં જ મિશનરીઓને ખબર પડી ગઈ હતી કે તેમની વિરુદ્ધ કંઈક થઈ રહ્યું છે. લોકોના રોજિંદા વ્યવહારમાં એકદમ પલટો આવી ગયો હતો. મૈત્રીભર્યું વાતાવરણ ઓછું થઈ ગયું હતું અને આંગણામાં તોફાની ટોળાં આવતાં હતાં.

વળી તા. ૧૫મીના શનિવારે હડસન પર ચેતવણીરૂપ એક નનામો પત્ર પણ આવ્યો હતો.

તા. ૧૮મીએ એમીલીએ લખ્યું કે છેલ્લા થોડાક દિવસોથી અમે ઘેરાઈ ગયેલાં હોઈએ એવી સ્થિતિમાં હતાં. હડસન માંદગીના બિછાનામાંથી હમણાં જ ઊઠયો છે અને દરવાજા સુધી જવાની પણ તેનામાં શક્તિ નથી. રીડ અને રૂડલેન્ડ તેની પાસે છે. ડન્કાન શનિવારે રાત્રે આવી પહોંચ્યો.

આજે અમારા ઘર પર હલ્લો કરીને, તેને આગ ચાંપીને તેનો નાશ કરવાનો હતો. ટોળાએ અમારા ઘરને તોડવાનો એક બે

વાર પ્રયત્ન કર્યો પણ તેઓ તેમાં ફાવ્યા નહિ. ઈશ્વર અમારી સાથે છે એટલે અમને બીક લાગતી નથી. હું આ લખી રહી છું ત્યારે ઈશ્વર ભારે કાટકા સાથે વરસાદ મોકલી રહ્યો છે. હડસન કહે છે કે લશ્કરના સૈનિકો કરતાં તે આપણે માટે વધારે છે. ચીનના લોકો વરસાદને ટાળે છે એટલે તેને લીધે પોતાનાં કામ મુલતવી રાખે છે.

બીજા પત્રમાં તે લખે છે કે યોંગ્યોમાંથી અમારે નાસી જવું પડયું. ત્યાર પછી તેમણે અમારા ઘરમાં ભાંગફોડ કરી.

મને અને મિસિસ હડસનને પકડી રાખીને રીડ ઊભો હતો તે વખતે રીડની આંખ પર ઈંટ વાગી હતી. અમારા જાન બચાવવા માટે અમારે જ્યાં ત્યાં કૂદકા મારીને જતું રહેવું પડયું. મિસિસ હડસનના પગને ઘણી ઈજા થઈ હતી. હું પથ્થર પર પડી ગઈ પણ ઈશ્વરની કૃપાથી મારી ખોપરી ને કરોડને ખાસ નુકસાન થયું નહિ. મને હાથ પર વાગ્યું હતું અને તે પણ ડાબા હાથ પર. તેમાં ભારે વેદના થાય છે. પણ મને બીજું નુકસાન થયું નહિ તેથી ઈશ્વરનો આભાર માનું છું.

જોકે ખૂન કરવાની તેમની ઈચ્છા હતી પણ તેમાં તેઓ સફળ થયા નહિ.

ઘાયલ થયેલા અને દુઃખસહન કરનારા ખ્રિસ્તીઓનો આ નાનો સમૂહ હોડીઓમાં બેસીને ચિકિયાંગ ગયો. ત્યાંની નાની મંડળીએ તેમના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી અને તેમને જરૂરી મદદ આપી.

સરકારી મદદ માગવામાં આવી અને તેમાં ઈશ્વરનો ચમત્કાર કરનાર હાથ સહાય આપી રહ્યો હતો.

ચાંગ્યો બાબતનો સારો નીવેડો આવ્યો અને તેથી નાનો સમૂહ ત્યાં રહેવા પાછો ગયો.

મિશન કમ્પાઉન્ડના દરવાજા આગળ એક પથ્થર પર એવું લખાણ લખવામાં આવ્યું કે સરકારી સત્તાધિકારીઓની સંપૂર્ણ સંમતિથી પરદેશીઓ 'અહીં રહે છે.

પુનઃ વસવાટ માટે એક સભારંભ પણ રાખવામાં આવ્યો હતો.

હવે મિશનરીઓની કૌટુંબિક સાક્ષીથી અને તેમના મૈત્રીભાવને કારણે લોકોમાંથી વહેમ દૂર થયો અને ધીમે ધીમે તેમની સાથેના સારા સંબંધો બંધાવા લાગ્યા.

□

## ૧૪ કસોટીનો સમય

અગાઉ કદીએ અનુભવી ન હોય એવી ભારે અને કઠિન કસોટીઓ આવી પડી પણ તે બધામાં હડસનને ઈશ્વરની હાજરીનો આનંદ પ્રાપ્ત થયો હતો. ચીનમાં અસહ્ય ગરમી પડતી હતી. અને બાળકોના અભ્યાસ માટે કોઈ સારી વ્યવસ્થા હતી નહિ, તેથી ત્રણ દીકરા અને એક દીકરીને ઈંગ્લૅંડ મોકલવાનો નિશ્ચય કરવામાં આવ્યો.

પરંતુ તેઓ વિદાય લે તે પહેલાં શું બન્યું ? તેમનો પાંચ વર્ષનો દીકરો એકાએક ગંભીર માંદગીમાં સપડાઈ ગયો. તેનાં માબાપ આખી રાત તેની પાસે બેસી રહ્યાં. તમામ ઉપચારો કરવામાં આવ્યા પરંતુ સવાર થતાં તે ગુજરી ગયો. તેના માબાપે તેને ચિકિઆનના કબરસ્તાનમાં દફનાવ્યો અને તે પછી હડસન શાંગહાઈ બંદરે ગયો.

હવે બાળકો ઘણાં દૂર હતાં એટલે તેમની માતા મારિયાને ઘણી ચિંતા રહ્યા કરતી હતી. પરંતુ તે અરસામાં એક આનંદમય પ્રસંગ આવ્યો. જુલાઈની ૭મી તારીખે મિસિસ હડસને પાંચમાં દીકરાને જન્મ આપ્યો. પરંતુ મિસિસ હડસનને કોલેરાની ઘણી અસર થયેલી હોવાથી બાળકને પૂરતું પોષણ મળી શક્યું નહિ. વળી ચીની ધાવ વખતસર મળી શકી નહિ એટલે એક અઠવાડિયા પછી બાળક મૃત્યુ પામ્યું.

મિસિસ હડસનની નબળાઈ વધતી જતી હતી. તેમની ઊંમર માત્ર ૩૩ વર્ષની હતી. શરીરમાં કોઈ જાતનો દુઃખાવો જણાતો નહોતો પણ તેમની નિર્ગતતા વધતી જતી હતી. બાળકો સહિસલામત ઈંગ્લૅંડ પહોંચી ગયાં છે એવી ખબર મિસિસ બર્ગર તરફથી આવી હતી તે જાણીને તેમને ઘણો આનંદ થયો અને ઈશ્વરની ભલાઈ માટે તેમણે સ્તુતિ કરી.

૧૮૭૦ના જુલાઈની ૨૩મી તારીખનો દિવસ હતો અને મિસિસ હડસન પોતાનો છેલ્લો શ્વાસ લઈ રહ્યાં હતાં. ભારે હૈયા સાથે ઘૂંટણીએ પડીને હડસને મારિયાની ઈશ્વરને સોંપણી કરી. તેણે પ્રાર્થના કરતાં કહ્યું કે ઈશ્વરે મને સુશીલ પત્ની આપી અને સાડા બાર વર્ષ સુધી તેની સાથે સુખી લગ્ન જીવન હું ગુજારી શક્યો તે માટે તેનો આભાર માનું છું. વળી ઈશ્વરે તેને પોતાની હાજરીમાં લઈ લીધી તે માટે પણ તેણે ઈશ્વરનો આભાર માન્યો, અને ઈશ્વરની સેવાર્થે તેણે ગંભીરતાપૂર્વક પોતાનું સ્વાર્પણ કર્યું.

સવારના નવ વાગ્યા પછી મિસિસ હડસનનો શ્વાસ અટકી ગયો અને તે ખ્રિસ્ત પાસે પહોંચી ગયાં.

ચારે બાજુની ચાલુ મુશ્કેલીઓના કારણે હડસનની તંદુરસ્તી પર અસર પડવા લાગી હતી, રાત્રે તેને બરાબર ઊંઘ આવતી નહિ, વળી તેનાં બાળકો તેને વારંવાર યાદ આવતાં હતાં. શારીરિક રીતે તે ભાંગી પડયો હતો. તેના કલેજાને નુકસાન થયું હતું અને તેને છાતીમાં પણ દુઃખાવો થયા કરતો હતો. વળી શ્વાસ લેવામાં તેને ઘણી મુશ્કેલી પડતી હતી. તોપણ આવા સંજોગોમાં તેને ઈશ્વર તરફથી નવું સામર્થ્ય મળતું હતું. તેની નાદુરસ્ત તબિયતને કારણે તેને ઈંગ્લૅંડ જવું પડયું.

□

# ૧૫ યહોવાહ-યિરેહ

ઈંગ્લૅંડ ખાતે મિશનનું તમામ કામકાજ કરનાર મિ. બર્ગરને હડસન મળે છે. અને ચીનમાં ચાલતા કામ સંબંધી સઘળી હકીકત આપે છે. હડસન મિશનરીઓની જે નાની ટોળી લઈને ચીનમાં ગયો હતો તેને હવે છ વર્ષ થઈ ગયા હતાં અને ચીનમાં જુદા તેર સ્થળોમાં કાર્યકરો કામ કરી રહ્યા હતા.

મિ. એન્ડ મિસિસ બર્ગર મિશનના કાર્યમાં વર્ષોથી સેવા આપતાં હતાં અને ઘણાં શ્રમિત થઈ ગયેલાં હોવાથી તેમને આરામની જરૂર હતી. આથી તેઓ રજા પર જાય તે દરમ્યાન તેમના કામની જવાબદારી હડસનને સોંપવામાં આવી.

હડસનની સમક્ષ જે મુશ્કેલ કાર્ય હતું તેમાં તે રાત દહાડો ગુંથાયેલો રહેતો અને તેની પાસે કોઈ મદદગાર નહોતો.

હેંગ્યોમાં સ્ત્રીઓ મધ્યે મિસ જેની ફાઉલ્ડીંગ પ્રશંસાપાત્ર સેવા કરતી હતી. તે પણ આ સમયે ફર્લો પર આવી હડસન તેના કામ સંબંધી જાણતો હતો. તેઓ બંને એક જ સ્ટીમરમાં આવ્યા હતા અને તેઓ મિત્ર બન્યા હતાં. આથી હડસન તેની સાથે લગ્નગ્રંથિથી જોડાયો. હડસનના પોતાના બાળકો પણ તે પ્રસંગે હાજર હતાં તેથી તેણે ઈશ્વરની સ્તુતિ કરી.

તેમના બેસવાના ખંડમાં ચીન દેશનો એક મોટો નકશો લટકાવેલો હતો. તે નકશા પાસે બેસીને ઈશ્વરના કામના વિકાસ

અંગે તેઓ પ્રાર્થનાઓ અને યોજના કરતાં હતાં. ખાસ કરીને ચીનમાં દૂર દૂર આવેલા પ્રદેશો જ્યાં સુવાર્તા પહોંચી નથી તે વિષે ગંભીરતાથી તેઓ વિચાર કરતા હતાં. તેમનાં હૃદયોમાં જે એક મુખ્ય વિચાર આવ્યા કરતો તે આ હતો - ખ્રિસ્ત વિનાના આ લાખો લોકોને કેવી રીતે સુવાર્તા આપવી.

એક પ્રાર્થના સભા વખતે હડસને લોકોને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો - જે નવ પ્રાંતોમાં હજી સુવાર્તા પહોંચી નથી તે પ્રાંતોમાં બબ્બે જણ જઈ શકે તે માટે ૧૮ માણસોને સારુ ઈશ્વર પાસે વિશ્વાસપૂર્વક માગણી કરવામાં શું તમે મારી સાથે જોડાશો ?

લોકો તેનો અર્થ સમજી ગયા અને ત્યાંને ત્યાં જ તે વખતે એવું નક્કી કર્યું કે જવાબ મળે ત્યાં સુધી દરરોજ પ્રાર્થનામાં લાગુ રહેવું.

ચીનમાંથી આવ્યાને હડસનને હવે સવા વરસ થયું હતું. હવે તે જેની સાથે ૧૮૭૨માં ઓક્ટોબરની ૯મી તારીખે ચીન જવા નીકળ્યો.

ચીનના હેંગ્યો શહેરમાં આવ્યા પછી હડસને મિશનના બધાં કેન્દ્રોની મુલાકાતે જવાનું શરૂ કર્યું. આથી ઉનાળાની ગરમીમાં કે શિયાળાની ઠંડીમાં તેને ચાલુ મુસાફરી કરવી પડતી. જ્યારે જ્યારે માંદાંઓને સારવાર આપવાની જરૂર પડતી ત્યારે ત્યારે જેની પણ હડસનની સાથે જતી હતી.

હડસન ચીનના દેશી કાર્યકરોનો સહકાર મેળવવા અંગે ગંભીરતાથી વિચાર કરતો હતો. દરેક પ્રાંતના મુખ્ય શહેરમાં એવા બબ્બે કાર્યકરોને તેણે રાખવાની યોજના કરી. વળી તેઓને તાલીમ આપવા માટે કોલેજ સ્થાપવામાં આવે એવું પણ નક્કી કર્યું.

સને ૧૮૭૪ના જાન્યુઆરીની ૨૭મી તારીખે તેણે ઈસુના નામમાં ઈશ્વરને પ્રાર્થના કરી કે તેને ૫૦ કે ૧૦૦ ચીની સુવાર્તિકો તેમ જ જરૂરી મિશનરીઓ મોકલી આપે જેથી કરીને ચેકિયાંગમાં ૫૦ સ્થળે તેમને મૂકી શકાય.

હડસન જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં ચીનની જરૂરિયાતો વિષે જણાવતો હતો, પણ તે કદી નાણાંની માગણી કરતો નહોતો. કાર્યકરો કે નાણાં માટે તે હમેશાં ઈશ્વરને જ અરજ કરતો.

હડસનમાં બાળકના જેવો સાદો વિશ્વાસ હતો. તે હમેશાં ઈશ્વરના વિશ્વાસુપણા ઉપર આધાર રાખતો હતો. એક વાર તેણે પોતાના પત્રમાં જણાવ્યું કે નાણાં માટે કોઈપણ માણસ પાસે માગણી કરવી જોઈએ નહિ. સિવાય કે પ્રાર્થનામાં ઈશ્વરને.

તેણે એક વાર આ પ્રમાણે કહ્યું - મારી પાસે પચ્ચીસ સેન્ટ વત્તા ઈશ્વરનાં વચનો છે.

□

## ૧૯ ઈશ્વરનું વિશ્વાસુપણું

મધ્ય ચીનમાં એકાદ મુખ્ય કેન્દ્ર હોય તો ત્યાંથી ચારે બાજુ સુવાર્તા પ્રચાર કરવામાં ઘણી અનુકૂળતા રહે એમ લાગવાથી હડસન અને જ્યુડ બંને જણ નદી મારફતે ત્યાંના પાટનગર હેંકો જવા નીકળ્યાં. તેની ઉત્તરે, પશ્ચિમે અને દક્ષિણે નવ પ્રાંત આવેલા હતા જ્યાં હજી સુધી સુવાર્તા પહોંચી નહોતી.

આ સમયે (જૂન ૧૮૭૪) હડસને લખ્યું - "મારો આત્મા આ પ્રાંતોના એક કરોડ એંસી લાખ માણસોને સુવાર્તા પ્રગટ કરવા માટે તલપે છે."

હેંકોની નજીક આવેલા વુચંગ નગરમાં જયુડને રહેવા માટે યોગ્ય સ્થળ શોધી કાઢવામાં આવ્યું.

આ વખતે લંડનમાંની મિશન ઓફિસનું કામ ઘણું મંદ પડી ગયું હતું. એમિલીના અવસાનને કારણે તેની જગા ખાલી પડી હતી. શનિવારની પ્રાર્થના સભા પણ બંધ થઈ ગઈ હતી અને બાળકોની દેખભાળ રાખનાર કોઈ હતું નહિ.

આથી હડસનને અને મિસિસ હડસનને તાત્કાલિક ઈંગ્લૅંડ જવાની જરૂર હતી.

હડસને નદી માર્ગે જયુડની સાથે મુસાફરી કરી તે વખતે તે પડી ગયો હતો અને તેથી બરડાની કરોડમાં તેને કેટલાક દિવસો

સુધી તીવ્ર વેદના થઈ ગઈ હતી. ચાલવા માટે તેને લાકડાની ઘોડીઓની મદદ લેવી પડતી. ત્યાર પછી નીચલા અંગમાં ધીમે ધીમે લકવાની અસર જણાવા લાગી અને તેથી તેને ખાટલાવશ થવું પડ્યું. તેમ છતાં તેના પોતાના ખાટલા પાસે ચીન દેશનો નકશો લટકતો હતો. અને તે તરફ જોઈને ત્યાંના લોકો માટે તે રાત દિવસ પ્રાર્થના કરતો

ચર્ચ ઓફ સ્કોટલાંડના એક આગેવાને એક વાર હડસનને કહ્યું - ઈશ્વરે જે અજાયબ રીતે તમારો ઉપયોગ કર્યો છે તે તરફ જોતાં તમારા પર કોઈ કોઈ વાર અભિમાન કરવાનું પરીક્ષણ આવતું હશે એમ મને લાગે છે. આવું માન ભાગ્યે જ કોઈ વ્યક્તિને મળ્યું હશે !

હડસને પ્રત્યુત્તરમાં આટલું જ કહ્યું - હું માનું છું કે ઈશ્વર પોતાને માટે કોઈ નજીવા અને નબળા માણસની શોધ કરતાં કરતાં તેણે મને શોધી કાઢ્યો.

વર્ષનો અંત ભાગ હવે આવી પહોંચ્યો હતો, પરંતુ તંદુરસ્તીમાં કંઈ ઉજ્જવળતા જણાતી નહોતી. દિવસે દિવસે તેની હેરફેર ઓછી ને ઓછી થતી જતી હતી. તેને પડખું ફરવા માટે બાંધેલા દોરડાની મદદ લેવી પડતી પહેલા તો તે થોડું ગણું લખી શકતો હતો, પણ હવે તો તેનાથી પેન પણ પકડાતી નહોતી. આમ કેટલોક સમય તે લાચાર બની ગયો હતો.

પરંતુ તે પછી ૧૮૭૫ની પ્રભાતે તેણે ચીનના લાખો લોકોને માટે પ્રાર્થના કરવાની એક જાહેર અપીલ બહાર પાડી. જે નવ પ્રાંતોમાં હજી સુધી સુવાર્તા પહોંચી નથી. તે તરફ તેમાં ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ નવ પ્રાંતોમાં કામ કરવા માટે ૧૮

યોગ્ય વ્યક્તિઓ મળી આવે તે માટે પ્રત્યેક ખ્રિસ્તી માણસ આગ્રહપૂર્વક ઈશ્વરને વિનંતી કરે એવી અપીલ કરવામાં આવી હતી.

(આ અંગે હડસને લખ્યું - ઈશ્વર પાસે માગેલા ૧૮ માણસો આવવા લાગ્યા. તેમની સાથે પત્રવ્યવહાર કરવામાં આવ્યો. તેઓ મારા ઓરડામાં આવીને મને મળ્યાં. મેં તેમને મારી પાસે બેસાડીને ચીની ભાષા શીખવી અને સમય જતાં તેમને મોકલી આપવામાં આવ્યા.)

હવે હડસનની તબિયત કંઈક સુધરી હતી એટલે ડૉક્ટરે તેને રોજ એકાદ બે કલાક સુધી બેસવાની પરવાનગી આપી.

હડસન ઈશ્વરના વિશ્વાસુપણા પર હમેશાં આધાર રાખતો. કેમ કે તે પ્રાર્થના સાંભળે છે અને પ્રત્યુત્તર આપે છે. એક વાર એમ બન્યું કે ચીનમાં ત્રણ અઠવાડિયાંના ખર્ચ પેટે મોકલવાની રકમ પૂરતી નહોતી. તેમાં ર૩પ/- પાઉન્ડ ખૂટતા હતા. ત્યારે હડસને કહ્યું કે, ચાલો આપણે એ માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.

એ જ દિવસે ટપાલમાં, હડસનને એક પત્ર મળ્યો અને તેની સાથે ર૩પ પાઉન્ડ, ૭ શિલીંગ અને ૯ પેન્સનો એક ચેક બીડેલો હતો અને તે સમય આભારસ્તુતિનો સમય બની ગયો.

એના જેવો જ બીજો પણ એક બનાવ બન્યો. જૂન માસની શરૂઆતમાં હડસન ધર્મજાગૃતિની એક સભામાંથી ટ્રેઈન મારફતે પાછો ફરતો હતો. સ્ટેશન પર તે ટ્રેઈન આવવાની રાહ જોતો હતો તે વખતે એક રશિયન ઉમરાવનો તેને ભેટો થઈ ગયો. તેણે પણ એ જ સભામાં ભાગ લીધો હતો. તેઓ બંને લંડન જતા હોવાથી એક જ ડબ્બામાં સાથે બેઠા.

ઉમરાવે પોતાના ખિસ્સામાંથી ચેકબુક કાઢી. તેણે હડસનને કહ્યું કે ચીનમાં ચાલતા કામ માટે હું કંઈક આપવા માગું છું તો મહેરબાની કરીને તે સ્વીકારશો.

હડસને ચેક હાથમાં લઈને કહ્યું કે ચેક લખવામાં કંઈક ભૂલ થયેલી લાગે છે, શું તમે પાંચ પાઉન્ડ આપવાનું નહોતું વિચાર્યું? આમાં તો પચાસ પાઉન્ડ લખ્યા છે એટલે એ ભૂલ સુધારી લો.

ઉમરાવે કહ્યું કે, હા, એ વાત ખરી છે, પણ ઈશ્વર તમને પચાસ પાઉન્ડ આપવા માગતો હશે એટલે હું તે ચેક પાછો લઈ શકતો નથી.

આથી હડસનને ઘણો અચંબો લાગ્યો. તે લંડન પહોંચ્યો ત્યારે ત્યાં એક પ્રાર્થનાસભા ચાલતી હતી. ચીનમાં દાન મોકલવા માટેની તૈયારી થતી હતી, પરંતુ તે માટે જે નાણાં મળ્યાં હતાં તેમાં પાઉન્ડ ૪૯ અને શિલીંગ ૧૧ ખૂટતા હતા. અને તે માટે ખાસ પ્રાર્થના સભા રાખી હતી. એ જ સમયે હડસને પચાસ પાઉન્ડનો ચેક મેજ પર મૂક્યો, જાણે કે સ્વર્ગીય પિતા પાસેથી તે સીધે સીધો ઊતર્યો ના હોય !

૧૮૭૬ની વસંત ઋતુ આવી તે વખતે હડસન લાકડીની મદદથી ચાલી શકતો હતો. તે સમયે વાર્ષિક સભામાં હડસને ચીનમાં ચાલતા કામ સંબંધી રિપોર્ટ આપતાં જણાવ્યું કે પાંચ પ્રાંતોમાં ૨૮ કેન્દ્રો ખોલવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં ૬૦૦ બાપ્તિસ્મા થયાં છે જે પૈકી ૭૦ કરતાં વધારે માણસોએ સુવાર્તા પ્રગટ કરવા પોતાનાં જીવનોનું સ્વાર્પણ કર્યું છે.

સને ૧૮૭૬ના સપ્ટેમ્બરના આરંભમાં હડસન ચીન જવા નીકળ્યો.

ચાઈના ઈનલેન્ડ મિશનના મિશનરીઓએ ચીનના દૂર દૂર ભાગોમાં અને ઠેઠ તીબેટના પૂર્વના ભાગ સુધી પહોંચી જઈને ૧૮ મહિના દરમ્યાન ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) માઈલની મુસાફરી કરી હતી અને તેમણે શાસ્ત્રભાગો અને ટ્રાક્ટો વેચીને કે વહેંચણી કરીને ઘણા લોકોની સાથે મૈત્રી સંબંધ કેળવ્યો હતો.

□

# ૧૭ ચીનની મહિલાઓ મધ્યે સેવાકાર્ય

ચીનની ચોથી મુસાફરી પછી હડસન નાતાલ પહેલાં ઈંગ્લૅંડ આવી પહોંચ્યો. લગભગ સોળ મહિના તે ગેરહાજર રહ્યો હતો. નાતાલના સમયે પોતાનાં બાળકોને મળીને તેને ઘણો આનંદ થયો.

ચીન માટે ૨૪ પુરુષો અને ઓછામાં ઓછી ૬ બાનુઓની તાત્કાલિક જરૂર હતી અને તે માટે તે પ્રાર્થના કરતો હતો. બની શકે તો ૧૮૭૮માં ૩૦ કાર્યકરોને ચીનમાં મોકલવા તે ઈચ્છા રાખતો હતો.

એ દરમ્યાન એવા સમાચાર આવ્યા કે ઉત્તર ચીનમાં ભયંકર દુકાળ ચાલુ થઈ ગયો છે. જાન્યુઆરીમાં કાઢેલા અંદાજ પ્રમાણે સાઠ લાખ માણસો ભૂખમરામાં સપડાઈ ગયા છે. ચીનની સરકાર અને રાહતકાર્ય માટેની પરદેશી સંસ્થાઓ સંયુક્ત રીતે કામ કરી રહી છે છતાં તે બધાંને પહોંચી વળી શકાતું નથી. વળી હજારો લોકોને ગુલામ તરીકે વેચી દેવામાં આવે છે. જેમાં મોટે ભાગે જુવાન છોકરીઓ અને સ્ત્રીઓ હોય છે. અસંખ્ય બાળકો મરણ પામે છે, એટલે તેમને બચાવી લેવા માટે અનાથાલયો ખોલવાની જરૂર ઊભી થઈ છે. આથી મહિલા મિશનરીઓએ કામે લાગી જવાનો સમય આવી ગયો છે.

પણ અત્યારે આ બાબતમાં કોણ આગેવાની લઈ શકે ? તે માટે અનુભવી પ્રાર્થનાવાદી અને નિષ્ઠાવાન તથા ભાષા જાણનાર વ્યક્તિ હોવી જોઈએ. અત્યાર સુધીમાં ત્યાં કોઈ મિશનરી બાનુ ગઈ નથી. વળી ત્યાં જવાનો રસ્તો પણ જોખમકારક છે. ત્યાં જવા માટે ખચ્ચરગાડીમાં બે અઠવાડિયાં મુસાફરી કરવી પડે અને રાતને સમયે રસ્તા પર આવતી કંગાળ ધર્મશાળાઓમાં ઉતારો લેવો પડે.

આમ છતાં જેની હડસન ઈશ્વરની દોરવણી માગીને આ સેવા આપવા માટે તૈયાર થઈ ગઈ. હડસનની તબિયત નાદુરસ્ત હતી અને કુટુંબની પણ જવાબદારી હોવા છતાં તેણે આ સેવાકાર્ય માથે લીધું.

આ વાત હડસનની બહેન એમેલિયાએ સાંભળી. એમેલિયાને ચાર દીકરા અને છ દીકરીઓ હતાં. પણ તે પ્રભુ પર પ્રેમ રાખનારી હતી. તેણે આ વિષે ઈશ્વરને પ્રાર્થના કરી. તે પછી વિના સંકોચે તે બોલી ઊઠી - “જો જેનીને ચીન જવાનું તેડું મળ્યું હોય અને તે જવાની હોય તો મને તેના બાળકોની સંભાળ લેવાનું તેડું મળ્યું છે.”

જેની હડસન બીજા કેટલાક નવા કર્મચારીઓ સાથે જે દિવસે ઈંગ્લૅંડથી ઉપડવાની હતી તે જ દિવસે એક જૂના મિત્ર તરફથી શુભેચ્છાનો પત્ર તેને મળ્યો અને તે સાથે પાઉન્ડ એક હજારનો ચેક ભેટ તરીકે અનાથાલય માટે મોકલવામાં આવ્યો હતો. વળી તેમાં જણાવવામાં આવ્યું હતું કે મહેરબાની કરીને તે અનામી વ્યક્તિ તરફથી સ્વીકારશો.

જેની શાંગહાઈથી ચીનના દૂરના ભાગમાં આવેલા શાન્સી સ્થળે જવા નીકળી ત્યારે તેની સાથે બે જુવાન બાનુઓ પણ હતી.

આ સમયે હડસને જેની પર તારથી જે ખબર મોકલી તેમાંના થોડાક શબ્દો આ હતા - " આ પ્રવૃત્તિથી ઈશ્વરને મહિમા મળો. મને તારા જેવી પત્ની મળી છે, જે પ્રભુ ઈસુને પ્રથમ સ્થાન આપે છે તે માટે હું ઈશ્વરનો આભાર માનું છું."

મિશનની સ્થાપના થઈ ત્યારથી હડસને કોઈ ખાસ રજા ભોગવી નહોતી. હવે ઉનાળામાં સ્વીટર્ઝલેન્ડના તેના મિત્રએ તેને આમંત્રણ આપ્યું હતું અને તેનો ખર્ચ ભરવાની જવાબદારી પણ તેમણે લીધી હતી એટલે બે ત્રણ અઠવાડિયાં માટે તે ત્યાં ગયો. ત્યાં રહીને પણ મિશનનું કાર્ય કરતો રહ્યો. તે દિવસના પચીસ જેટલા પત્રોના જવાબ આપતો. વળી ઘણા પ્રશ્નો અંગે તે પ્રાર્થના કરતો.

ત્યાંથી પાછા ફરતાં મુસાફરી દરમ્યાન હડસન મરણતોલ માંદગીમાં સપડાઈ ગયો. કપરી મુસાફરી કરીને જેની ત્યાં આવી પહોંચી. આ સમયે મિ. જે. જે. કોલયાર્ડ જે ઈંગ્લૅંડથી આવ્યા હતા તે તેમની સાથે મુસાફરીમાં જોડાઈ ગયા. હડસનને મુસાફરી દરમ્યાન આવી અણધારી મદદ મળશે એવી તેણે કલ્પના પણ કરી નહોતી.

હડસન સાજાપણું પામ્યા પછી તરત જ કામે લાગી ગયો અને ચિંકિયાંગમાં ચાલતું કામ જોવા ચાલી નીકળ્યો. હડસન ત્યાં આવ્યો ત્યારે માલૂમ પડયું કે ત્યાંથી એક જુવાન દંપતિ દક્ષિણ-પશ્ચિમના દૂરના પ્રાંતમાં સેવા કરવા નીકળી ગયું હતું અને

બીજાં પણ એવી જ જોખમભરી મુસાફરી કરવાની તૈયારી કરી રહ્યાં હતાં.

શાંગહાઈ, ચિંકિયાંગ અને અન્ય સ્થળોની મુલાકાત લેવામાં આખો મહિનો ગયો. અતિશય ગરમીને કારણે તેને મરડો થઈ ગયો. રૂડલેન્ડ રાતદિવસ તેની સેવાચાકરી કરતો હતો. તેણે તેને શાંગહાઈ મોકલવાની વ્યવસ્થા કરી.

હડસનની તંદુરસ્તી સુધરી એટલે તે વુચંગ ગયો. ત્યાં જાણવા મળ્યું કે મહિનાઓ પહેલાં જુવાન દંપતિઓએ-દૂર દૂરના પ્રાંતોમાં જઈને સ્ત્રીઓ મધ્યે કામ શરૂ કર્યું હતું.

ત્યાંથી હજાર માઈલ પર આવેલા ભાગમાં જ્યોર્જ નિકોલ પોતાની પત્ની સાથે ચુંગકિંગ પહોંચી ગયો હતો. એ વિશાળ પ્રાંતમાં આ એક જ પરદેશી કુટુંબ હતું. બે મહિના પછી મિસિસ નિકોલે લખ્યું કે રોજની સેંકડો સ્ત્રીઓ મને મળે છે અને અમારું ઘર મેળા જેવું લાગે છે. લોકો હમેશાં અમને જોવા માટે આવે છે.

જે અગ્રગામી મિશનરી બાનુઓ ચીનમાં કામ કરવા ગઈ તે પછી બે વર્ષને અંતે ૬૦-૭૦ બાપ્તિસ્મા થયાં અને નાની નાની મંડળીઓ પણ બની ગઈ હતી.

ઉત્તર પશ્ચિમમાં જે પ્રથમ બાનુઓ ગઈ તેમાં એમીલી કિંગ નામની એક બાનુ હતી. ટાઈફોડના કારણે તે ૧૮૮૧માં મૃત્યુ પામી. તેનો પતિ એકલો પડયો. પાંચ અઠવાડિયાનું કુમળું બાળક માતાવિહોણું બની ગયું. એમલી મૃત્યુ પામી તે પહેલાં ઓછામાં ઓછી ૧૮ સ્ત્રીઓનું બાપ્તિસ્મા થયું હતું.

મિસિસ જ્યોર્જ કલાર્ક ક્વીચોવથી દૂરના અને મુશ્કેલ પ્રાંત યુનાનમાં સેવા આપવા ગઈ હતી તેને મદદ કરવા તેની બહેનો પણ તેની સાથે આવી હતી. મિસિસ જ્યોર્જ પાસે એક વહાલસોયું બાળક હતું અને તેથી તેનું હૃદય આનંદિત રહેતું હતું. પરંતુ તે બાળક વધુ સારા દેશમાં પહોંચી ગયું.

યુનાની પ્રાંતમાં એક કરોડ અને વીસ લાખ માણસની વસ્તી હતી અને ત્યાં કોઈ સ્થાયી મિશનરી તરીકે કામ કરનાર નહોતું.

મિસિસ જ્યોર્જેનાની કબરની પાસે ઘૂંટણીએ પડીને ઈશ્વરના કામ માટે પોતાનું સ્વાર્પણ કર્યું અને પશ્ચિમ ચીનના વિશાળ પ્રાંતમાં ગઈ. પરંતુ અઢી વરસની સેવા પછી તેને ઈનામને વાસ્તે ઉપર લેવામાં આવી. તેમ છતાં તેની પ્રાર્થનાઓના જવાબરૂપે પાછલાં વર્ષોમાં ત્યાંના તરછોડાયેલા સેંકડો આદિવાસીઓ તારનાર પાસે આવ્યા. જે બે પ્રાંતોમાં તેણે પ્રથમ મિશનરી બાનુ તરીકે કામ કર્યું હતું ત્યાં તેના મરણ બાદ ૪૦ વર્ષ પછી ત્યાંની મંડળીમાં ૮૦૦૦ કરતાં વધારે સભ્યો હતા. તે મંડળીની હદ બ્રહ્મદેશની સરહદ સુધી પહોંચી હતી.

૧૮૭૮ના મે મહિનામાં મિસિસ હડસને ઈંગ્લૅંડથી વિદાય લીધી તે પહેલાં ઈંગ્લૅંડમાં એક ખાસ પ્રાર્થના મંડળની શરૂઆત કરવામાં આવી હતી, એ માટે કે ચીનમાં જે બાર કરોડ અને પચાસ લાખ મૂર્તિપૂજક સ્ત્રીઓ વસે છે તેમને માટે નિયમિત પ્રાર્થના કરવામાં આવે. સદરહુ મંડળનો હેતુ આ વચન પર આધારિત હતો - "જો પૃથ્વી પર તમારામાંના બે કંઈ પણ વાત સંબંધી એક ચિત્તના થઈને માગશે તો મારા આકાશમાંના બાપથી તેઓને સારુ તે કરાશે." (માથ્થી ૧૮:૧૯). તેથી ચીનમાં તેઓ

મધ્યે જે શ્રમ કરનાર છે તેમને માટે મંડળના દરેક સભ્યે દરરોજ પ્રાર્થના કરવાની હતી.

ત્રણ વર્ષ પછી (ઓક્ટોબર ૧૮૮૧) મિસિસ હડસનને ઈંગ્લૅંડ પાછા ફરવું પડયું હતું.

હડસન પોતાના મુખ્ય કેન્દ્ર ચેકુથી વુચંગમાં મળનાર કોન્ફરન્સમાં જવા ચાલી નીકળ્યો. કોન્ફરન્સમાં ઉત્તરના પ્રદેશમાંથી, દૂરના દક્ષિણ-પૂર્વમાંથી અને મધ્ય ચીનમાંથી કાર્યકરો આવ્યા હતા. કોન્ફરન્સમાં પ્રાર્થનાની સારી સંગત જામી હતી, ત્યારે હડસને કહ્યું, ઈશ્વરે આપણને સંગતનો સુખી સમય આપ્યો છે. કામ આગળ ધપાવવાની એક રીત એ છે કે આપણે ઈશ્વરની સાથે શરૂ કરીએ, તેની યોજનાઓ માગીએ અને તેના મનોરથ હેતુ પાર પાડવા આપણે પોતાને તેને સોંપી દઈએ.

ઉપરોક્ત બાબતમાં સંમત થઈને તેઓએ પ્રતિદિન ઈશ્વરની દોરવણી માંગી અને સમસ્ત કાર્યને માટે ત્રણ વર્ષમાં બીજા સિત્તેરની માગણી ઈશ્વરને કરવામાં આવે એવું ઠરાવ્યું. આ નિશ્ચય કરીને તેઓ એકદમ વિખેરાઈ ગયા નહિ. પણ કેટલાંક દિવસો સુધી પ્રાર્થનામાં લાગુ રહ્યા.

હડસને આ અંગેનો વિનંતી પત્ર તૈયાર કરીને તેને ઈંગ્લૅંડ તેમ જ અન્ય સ્થળે મોકલી આપવામાં આવ્યો. જૂન મહિનાની ૩૦મી તારીખનો દિવસ પ્રાર્થના અને ઉપવાસ માટે નક્કી કર્યો.

ટૂંક સમયમાં લોકો તરફથી સારા પ્રત્યુત્તરો મળવા લાગ્યા. સ્થાનિક મિત્રો તરફથી ઉદાર સખાવતો મળવા લાગી. જ્યારે જ્યારે ઈશ્વર સમક્ષ વિનંતીપત્ર ખુલ્લો મૂકવામાં આવ્યો ત્યારે ત્યારે ઈશ્વરે મદદ કરી છે.

ફેબ્રુઆરી મહિનાની બીજી તારીખનો પાઉન્ડ 3000/-નો એક ચેક નીચેના શાસ્ત્રવચન સાથે મળ્યો - "તું મારી પાસે માગ એટલે હું વારસા તરીકે વિદેશીઓને તથા પૃથ્વીની ચારે દિશાનું વતન આપીશ."

સેલીસ્બરીની કોન્ફરન્સ વખતે માણસોએ પોતાનાં જીવનોનું સ્વાર્પણ કર્યું અને નાણાં વહેવા લાગ્યાં. તે દિવસે કોઈ દાનાર્પણ ઉઘરાવવામાં આવ્યું નહિ, પણ લોકોએ પોતાના પૈસાનાં પાકીટો ખાલી કરી નાખ્યાં. વળી તેમણે પોતાનાં ઘરેણાં, પોતાની ઘડિયાળો, સોનાની સાંકળીઓ, વીંટીઓ વગેરે આપી દીધી અને તેમણે ઈશ્વરની સેવા માટે પોતાના જીવનો સોંપ્યાં.

એ દરમ્યાન ચીનમાં ડૉ. સ્કોફિલ્ડને જીવલેણ તાવ લાગુ પડયો. ત્રણ વર્ષની સેવા બાદ તે મૃત્યુ પામ્યા. ડૉ. સ્કોફિલ્ડ પ્રાર્થના કરતા કરતા મૃત્યુ પામ્યા. પાછલા મહિનાઓમાં તેમનું જીવન પ્રાર્થના કરવામાં રોકાયેલું હતું. એ કારણથી તેમણે પોતાની પત્નીને અને બાળકને તજીને, પોતાનો સ્વનકાર કરીને કોઈ પણ હિસાબે ઈશ્વરની વાટ જોવામાં પોતાનો સમય આપતા.

ત્રણ વર્ષમાં (૧૮૮૧-૮૪) ઈશ્વરે સિત્તેર વ્યક્તિઓ પણ મોકલી આપી.

વિનંતીપત્ર મોકલી આપ્યા પછી હડસન ચેકિયાંગની મુલાકાતે ગયો.

ત્યાંના એક કેન્દ્રમાં સુવાર્તિકના ઘરે એગ્નેસ નામની એક યુવતી રજા ગાળવા આવી હતી. આ યુવતી સુવાર્તિકના ઘરમાંના માળિયા પર ચઢીને સૂઈ જતી હતી. પરંતુ દિવસ દરમ્યાન સવારથી

રાત પડે ત્યાં સુધી સ્ત્રીઓથી અને બાળકોથી ઘેરાયેલી રહેતી અને તે તેમને ઘણા જ પ્રેમથી તારનાર ઈસુની વાત કરતી હતી.

પછી હડસન ક્યાંગસીન ગયો. ત્યાં નદી પરનાં ગામોમાં પ્રથમ વર્ષ દરમ્યાન ૪૨ બાપ્તિસ્મા કરવામાં આવ્યાં હતાં. વળી ૧૦ મુખ્ય કેન્દ્રો અને ૬૦ નાનાં કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી. આ ભાગમાં ફક્ત એક મિશનરી બાનુ કામ કરનાર હતા.

□

# ૧૮ સો મિશનરીઓ માટે માગણી

ચાઈના ઈન્લેન્ડ મિશનની સ્થાપનાને ૨૦ વર્ષ થઈ ગયાં હતાં. અત્યારે ૧૮૭ મિશનરીઓમાં ૧૧૦ જુનિયર મિશનરીઓ છે. અમને ૧૮૮૭માં ૧૦૦ મિશનરીઓ મળે માટે ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ એવું હડસને ઈંગ્લૅંડ લખ્યું હતું. વળી અમે ઈશ્વર પાસે દસ હજાર પાઉન્ડની માગણી કરીએ છીએ.

આ અંગે હડસને ઘણો પત્રવ્યવહાર કર્યો અને મુલાકાતો પણ લીધી. તેણે આર્યલાંડની ત્રણ વાર અને સ્કોટલાંડની ચાર વાર મુલાકાત લીધી. વળી ૨૦ કરતાં વધારે કન્વેન્શનોમાં ભાગ લીધો અને બીજી અનેક સભાઓમાં પણ તે ગયો હતો.

સ્કોટલાંડના એડિનબરો શહેરની એક સભામાં એટલી બધી જાગૃતિ આવી ગઈ કે ૧૨૦ જણે મિશનરી થવાને તત્પરતા દેખાડી અને ઈશ્વર તેમને મોકલે ત્યાં જઈને કામ કરવાની તેઓએ ઇચ્છા દેખાડી.

લંડનમાં મિશનના ડાયરેકટર બેન્જામીન બ્રુમહોલને (હડસનના સગા બનેવી) તેમના એક મિત્રે બીજાઓની સાથે ખાણા પર તેમને પણ આમંત્રણ આપ્યું હતું. તે સમયે તેમણે સ્કોટલાંડની એક ગરીબ વિધવાના પત્ર વિષે વાત કરી. આ વિધવા થોડા શિલીંગમાં પોતાનું ગુજરાન ચલાવતી હતી અને વારંવાર ચીનમાં ચાલતા કામ માટે દાન મોકલતી. તેણે લખ્યું કે

"હું મટન વગર ચલાવી લઈશ પણ મૂર્તિપૂજકો સુવાર્તા વગર રહી જવા જોઈએ નહિ." આ તો ખરેખર સ્વનકાર હતો !

ખાણા પછી યજમાને કહ્યું કે ઈશ્વરના કામ માટે મેં જે બધું આપ્યું છે તે આના હિસાબમાં કંઈ જ નથી. હવે હું ચીનમાં ચાલતા સુવાર્તિક કામ માટે આપવા માગું છું અને તે જ સમયે તેણે ૫૦૦ પાઉન્ડ આપવાનું વચન આપ્યું. વળી વાતચીત કરતાં કરતાં ખાણા પર આવેલા બીજા ત્રણ મહેમાનોએ પણ વચન આપ્યાં. વળી બીજો એક જણ જે આવી શક્યો નહોતો તેણે આ વાત સાંભળી ત્યારે તેણે પોતાની રકમ ઉમેરીને ૨૫૦૦ પાઉન્ડનો આંકડો કર્યો.

વર્ષની આખરે નવેમ્બરની શરૂઆતે હડસને જાહેર કર્યું કે આપણી પ્રાર્થનાઓ સાંભળવામાં આવી છે. આપણને ૧૦૦ મિશનરીઓ મળી ગયા છે અને ૧૦,૦૦૦ પાઉન્ડને બદલે ૧૧,૦૦૦ પાઉન્ડ મળ્યા છે.

સને ૧૮૮૯માં મે માસની વાર્ષિક સભા વખતે હડસને કહ્યું ધારો કે ઈશ્વરે ૧૦,૦૦૦ પાઉન્ડ ના મોકલ્યા હોત તો ? જરૂર, આપણે તે વગર ચલાવી શકત, પણ ઈશ્વર વગર આપણે ચલાવી શકત નહિ. જો ઈશ્વર એકલો જ આપણી પાસે હોય તો તે બસ છે.

□

# ૧૯ આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો

સુવાર્તિક કાર્ય આગળ ધપાવવાનો બોજ હમેશાં હડસનના હૃદય ઉપર રહ્યા કરતો હતો. ખાસ કરીને ચીનને ખ્રિસ્ત માટે જીતી લેવામાં આવે તે માટે તે અવિરત પ્રયત્ન કરતો હતો.

આથી જ્યાં જ્યાં તે જતો ત્યાં ત્યાં હમેશાં ચીનની જરૂરિયાતો વિષે તે વાત કરતો હતો. તે કદી નાણાંની માગણી કરતો નહિ. માણસો અને નાણાં માટે તે હમેશાં ઈશ્વરને વિનંતી કરતો હતો.

ચીનમાં વસતા તમામ ચીની ખ્રિસ્તીઓ માટે તે એવી આશા રાખી રહ્યો હતો કે તેઓ સમસ્ત ચીનમાં સુવાર્તા પ્રચાર કરે. ચીનમાં કામ કરતી તમામ પ્રોટેસ્ટંટ મંડળીઓમાં ૮૦,૦૦૦ જેટલા જીવંત પ્રભુભોજની સભ્યોને તે જોવા માગતો હતો.

"આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો." - એ વાક્ય પર તેણે એક મનનીય ચોપાનિયું બહાર પાડયું અને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરવા તરફ ખાસ ધ્યાન તેણે દોર્યું હતું. આ ચોપાનિયા દ્વારા ઘણા લોકોમાં જાગૃતિ આવી હતી.

હડસને પોતે પણ નીચેના પ્રદેશોની મુલાકાત લઈને ચીનની જરૂરિયાતો વિષે જણાવ્યું હતું - યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા, સ્વીડન, નોર્વે, જર્મની, ડેન્માર્ક, સ્વીટઝર્લૅન્ડ વગેરે.

મોટા પ્રમાણમાં આત્માઓ જીતવામાં આવતા હતા અને આત્મિક આશીર્વાદો મળતા હતા તેવે સમયે શેતાન પણ પોતાનું કાર્ય કરવા મંડયો. સામાજિક અને રાજકીય સ્થિતિ તંગ બની રહી હતી. પરદેશીઓ પ્રત્યે તિરસ્કાર અને વિરોધ ફેલાઈ ગયા. દેશના દૂર દૂરના પ્રાંતોમાં જે યુરોપિયનો હતા તે માત્ર મિશનરીઓ જ હતા. સેંકડો ખ્રિસ્તીઓની કતલ કરવામાં આવી. ચાઈના ઈનલેન્ડ મિશનનાં કુલ ૭૯ માણસોને ઘાતકી રીતે મારી નાખવામાં આવ્યાં હતાં જેમાં મિશનરીઓનાં ૨૧ બાળકો હતા, તેમનો તેમનાં માબાપ સાથે સંહાર કરવામાં આવ્યો હતો.

બે મિશનરી બાનુઓનો એક પત્ર જે તેમણે પોતાના મૃત્યુના આગલા દિવસે જ લખ્યો હતો તે જ્યારે હડસને વાંચ્યો ત્યારે તેની આંખોમાંથી દડ દડ આંસુઓ વહેવા લાગ્યાં.

આ સમયે (૧૮૯૮-૯૯) સતાવણી અને ભારે જોખમો હોવા છતાં ૨૫૦ જેટલાં બાપ્તિસ્મા થયા હતા અને ૧૦૦૦ કરતાં વધારે શોધકો કે ઉમેદવાર હતા. કેટલીક જુવાન બાનુઓ જે થોડા સમયથી ત્યાં કામ કરતી હતી તેમના શ્રમનું આ પરિણામ હતું.

અત્યાર સુધી હડસને મિશનના જનરલ ડાયરેકટર તરીકે સેવા બજાવી હતી. ૧૯૦૨ના નવેમ્બરમાં તેણે તે જવાબદારી મિ. એચ. ઈ. હોસ્ટને સોંપી. તે સમયે મિ. હોસ્ટ એકિંટગ જનરલ ડાયરેકટર તરીકે સેવા આપતા હતા.

□

# ૨૦ દોડ પૂરી કરી

હડસન અત્યારે સ્વીટઝર્લેન્ડના એક નાના ગામડામાં પોતાનાં સ્વજનો સાથે રહેતો હતો. તે હવે સિત્તેર વર્ષની વય વટાવી ગયો હતો. હાલ તે પોતાના હાથમાં બાઈબલ લઈને બેસવાનો ઓરડો પસાર કરી રહ્યો હતો ત્યારે તેણે પોતાના એક સંતાનને કહ્યું - "છેલ્લા ૪૦ વર્ષમાં આજે હું ચાલીસમી વાર મારું બાઈબલ વાચન પૂરું કરી રહ્યો છું."

હડસન કહે છે કે ઈશ્વરની હાજરીમાં આપણે તેનાં વચનો વાંચવા જોઈએ કે જેથી આપણે માટેની તેની ઈચ્છા જાણી શકીએ. હડસન ગમે તે સ્થળે હોય પણ રાતના ૨-૪ વાગ્યા સુધી તે ઈશ્વરનાં વચનો પર મનન કરવાનું ચૂકતો નહિ. તે સમયે લોકો તેને સળગતી મીણબત્તી પાસે બેઠેલો જોતા.

જેની હડસન ૧૯૦૪ના ઉનાળામાં થોડાંએક અઠવાડિયાંથી ખાટલાવશ હતી. તેને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી પણ શરીરમાં કોઈ જાતનો દુ:ખાવો જણાતો નહોતો.

તેણે હડસનને ધીમા અવાજે કહ્યું - મને ઈશ્વર જલદી લઈ લે એવી પ્રાર્થના કરો. આવી પ્રાર્થના કરવી એ હડસનને માટે જોકે કઠિન કાર્ય હતું તોપણ જેનીની ખાતર તેણે પ્રાર્થના કરી. જેનીના છેલ્લા શબ્દો આ હતા - "મારે વાસ્તે તારી કૃપા બસ છે." પાંચ મિનિટ પછી તેનો શ્વાસ બંધ થઈ ગયો અને તે થોડી

વારમાં શાંત પડી ગઈ. આમ ૧૯૦૪ના જુલાઈની ૩૦મી તારીખે તે પ્રભુમાં ઊંઘી ગઈ.

સને ૧૯૦૫ના એપ્રિલની ૧૭મી તારીખે હડસન શાંગહાઈ આવ્યો ત્યારે મિશન હાઉસમાં તેનો ઉષ્માભર્યો આવકાર કરવામાં આવ્યો. ત્યાંથી સ્ટીમર મારફતે તે હેંકો ગયો અને ત્યાં પણ તેનો ભાવભીનો આવકાર કરવામાં આવ્યો. વળી ત્યાં તેને અન્ય સોસાયટીઓના જૂના મિત્રો સાથે પ્રેમભર્યો મિલાપ થયો. પછી ત્યાંથી તે મુસાફરીમાં આગળ વધ્યો.

ધોરી રસ્તા પર ઠેરઠેર લોકોના ટોળાં હડસનનો આવકાર કરતાં હતાં. રસ્તામાં એક રાત તેને ધર્મશાળામાં રહેવું પડયું હતું. એક ચીની ખ્રિસ્તી માણસે આ વાત જાણી ત્યારે રાતના દસ અને અગિયાર વચ્ચે તે તેને મળવા આવ્યો. તે માણસ આખા દહાડાની લાંબી મુસાફરી કરીને હડસનનું સન્માન કરવા આવ્યો હતો. પરંતુ તે સમયે આરામમાં હોવાથી તે તેને મળી શક્યો નહિ

આથી આ માણસે એક નાનું બંડલ બારીમાંથી અંદર સરકાવી દીધું. તે બંડલમાં ૨૦૦ની કેશ હતી અને તે પોતાના માનનીય પાળકને ધર્મશાળાના ખર્ચ પેટે આપવાની હતી.

માર્ગમાં એક સ્થળે બાપ્તિસ્માની ભજનસેવા ચાલતી હતી તેમાં પણ હડસને ભાગ લીધો.

પછી હડસન મે માસની ૨૧મી તારીખે ચીકીઆકો આવી પહોંચ્યો. તે દિવસ તો હડસનનો જન્મદિવસ હતો. ત્યાંના ખ્રિસ્તીઓએ એ વાત જાણી ત્યારે તેઓએ તેને આપવા માટે રતૂમડા રંગના સાટીન કપડાંનો એક વાવટો બનાવ્યો. તેના પર “અતિપ્રિય માણસ” એવું લખાણ લખ્યું હતું.

હડસન મે માસની ૨૬મીના શુક્રવારે હોંકો ગયો અને રવિવાર પછી હુમાન પ્રાંતના પાટનગર ચેંગશા જવા નીકળ્યો અને જૂનની ૧લી તારીખે ગુરૂવારે બપોર પછી તે ત્યાં આવી પહોંચ્યો. ત્યાંના ખ્રિસ્તીઓને મળવાથી તેને ઘણો આનંદ થયો.

શનિવારે નાસ્તો લેવા તે નીચે ઉતરી શક્યો નહિ. સાંજનું વાળુ તેના દીકરો લાવ્યો. તે સમયે હડસનની પુત્રવધૂ પણ થોડોક સમય સાથે હતી. પરંતુ એકાદ કલાકમાં તો તે સોનેરી દરવાજા પાસે પહોંચી ગયો અને દૂતોના સૈન્યે તેનો આવકાર કર્યો.

આમ, ૧૯૦૫ના જૂનની ૩જી તારીખે આ મહાન યોદ્ધો ઈનામને વ્રાસ્તે સ્વર્ગે સિધાવ્યો.

હડસનના મરણ સમયે ચાઈના ઈન્લેન્ડ મિશનમાં ૮૪૮ મિશનેરીઓ હતા.

□ □ □

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | કિંમત |
|---|---|---|
| ૧. | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૨. | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૩. | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩ | ૩૦-૦૦ |
| ૪. | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૫. | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૬. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૭. | અયૂબ | ૬૦-૦૦ |
| ૮. | નાતાલની વાત | ૧૦-૦૦ |
| ૯. | જળપ્રલય | ૧૫-૦૦ |
| ૧૦. | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૧. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૧૨. | ગીરીપ્રવચન | ૫૦-૦૦ |
| ૧૩. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૪. | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૫. | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૬. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૭. | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૧૮. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૯. | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૨૦. | ફિલીપ્પીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૧. | સત્યની શોધ | ૧૦-૦૦ |
| ૨૨. | ગુરૂને ચરણે | ૧૦-૦૦ |
| ૨૩. | અરમાન નાટ્યસંગ્રહ | ૪૦-૦૦ |
| ૨૪. | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૨૫ | પુલ્પિટ હેલ્પ્સ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨૬. | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |

Designed & Printed by : JENSON COMPUTERS, MANINAGAR (E), AHMEDABAD-380 008. PH. 2162441

Published by:
**GUJARAT TRACT AND BOOK SOCIETY**
Sahitya Sewa Sadan, Ellisbridge,
Ahmedabad - 380 006. INDIA
Phone : 6445281